
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH



Vol-4 * Issue-8
0CTOBER-2004
આસો
ઓક્ટોબર-૨૦૦૪
આત્મ સંવત : ૧૦૮
વીર સંવત : ૨૫૩૦
વિક્રમ સંવત : ૨૦૬૦
પુસ્તક : ૧૦૧

दुःखे विद्धि'मया सार्धं वर्तते परमेश्वरः' ।
एतद्भावनाया दुःख त्वदीयमुंपरंस्यति ।।

*

દુઃખની હાલતમાં એમ સમજ કે પરમેશ્વર મારી સાથે છે. આ પ્રકારની આન્તરિક ભાવનાથી તારું દુઃખ દૂર થશે, તારું અન્તઃકરણ પ્રસન્નતાથી સભર બનશે. ૩૨

*

In the condition of misery, believe that God is with you. By the force of this reflection your misery will and your mind will be filled with pleasure. 32

*(કલ્યાણભારતી ચેપ્ટર-૫ : ગાથા-૩૨, પૃષ્ઠ-૯૫)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આંખ વિના અંધારૂં

દુર્જનના સંગથી મનમાં બળાપો થાય છે. કોઈ અપેક્ષાએ જોતાં ઉત્તમ મહાત્માઓને પણ દુર્જનનો સંગ ઉદ્વેગ કરનારો થાય છે.

સજ્જન માણસને દુઃખ આપવા છતાં પણ કે પીલેલી શેરડીની જેમ રસતાને આપે છે જ્યારે દુર્જનનો સત્કાર કરવા છતાં પણ તે ત્રાસ આપ્યા વિના રહેતો નથી.

દુર્જન અને ઘુવડ બંને સન્મિત્રને જોઈ શકતા નથી. દુર્જન માણસ બીજાના દોષો જ જોયા કરે છે. સત્પુરૂષોની સોબતથી ગમે તેવા પાપી માણસો પણ ઉત્તમ બને છે. સજ્જનો દુર્જનના આપવાદથી મનમાં ખેદ પામતા નથી. ઉત્તમ માણસો બીજાના સદ્‌ગુણોને ગ્રહણ કરે છે અને બીજાઓને ઉચ્ચ માર્ગમાં ચઢાવવાંને માટે પ્રયત્ન કરે છે. તેમ જ અનેક પ્રકારના સંકટ સહન કરીને પણ બીજાઓને સદ્‌ગુણો આપવા પ્રયત્ન કરે છે.

દુર્જનોની ઉપાધિ વિના સજ્જનો આ જગતમાં પારખી શકાતા નથી. દુર્જનો ઉત્તમ માણસોને દુઃખ આપવાંમાં બાકી રાખતા નથી. તેઓ સારી વાતનો પણ વિપરીત અર્થ ગ્રહણ કરે છે. આવા દુર્જનોને પણ સજ્જનો અંતે પોતાના વિચારથી પોતાના જેવા બનાવે છે.

ગુણદૃષ્ટિ વિના સજ્જનોની પાસે રાત-દિવસ રહેવામાં આવે તો તેમના સમાગમનો પૂરો લાભ મેળવી શકાતો નથી. કારણ દુર્જનો પોતાની અવળી દૃષ્ટિથી સજ્જનોના આચાર અને વિચારને વિપરીતપણે પરીણમાવે છે.

પાર્શ્વમણિની સોબતથી લોહનું સુવર્ણ થાય છે પણ પાર્શ્વમણિ પોતે લોહ બનતું નથી. સત્પુરૂષો તો પોતાના સાથીઓને પોતાનો રંગ દઈને પોતાના જેવા બનાવે છે....

હે ચેતન ! તું ઉત્તમ સદ્‌ગુણોનો પ્રકાશ કરવા રોજ રોજ પુરૂષાર્થ કર.

*—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ.સા. લિખીત, પુસ્તક 'પાથેય'માંથી સાભાર*


# અભિષેક એક્સપોર્ટ

અભિષેક હાઉસ, કંદમપલ્લી સોસાયટી,
જીવન ભારતી સ્કૂલ સામે, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧.
ફોન : ઓ. (૦૨૬૧) ૨૪૬૦૪૪૪ ફેક્સ : ૨૪૬૩૬૫૭


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ

## અનુક્રમણિકા


(૧) દુનિયાના ધર્મોમાં જૈન ધર્મનું સ્થાન
—પ્રફુલ્લાબેન રસિકલાલ વોરા ૨

(૨) નિંદાનું અનોખું શાસ્ત્ર
—મહેન્દ્ર પુનાતર ૫

(૩) પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મ.સા.નું યાદગાર આગમન ૮

(૪) પ્રાણી મૈત્રી
—ગુણવંત છો. શાહ ૧૦

(૫) શ્રી અમૃતલાલ પરસોતમ જૈન ધર્મશાળા ટ્રસ્ટ "યાત્રીકભવન"ના જિર્ણોદ્ધારમાં સહભાગી થવાનો અમુલ્ય અવસર ૧૪

(૬) પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મ.સા.ના પ્રવચનો ૧૬

(૭) સમાચાર સૌરભ ૨૧


**આ સભાના નવા પેટ્રન મેમ્બરશ્રી**

શ્રી મુકેશકુમાર જસુભાઈ કપાસી
કોમેટ કોમ્પ્યુટર કન્સલટન્સી-ભાવનગર

શ્રી હીરજીભાઈ મોરારજીભાઈ શાહ
સાંતાક્રુઝ-વેસ્ટ, મુંબઈ-૫૩

**આ સભાના નવા આજીવન સભ્ય**

શ્રી કલ્પેશકુમાર કિશોરભાઈ વિરમગામી
ભાવનગર-૩૬૪૦૦૧

---


ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર


* * *


**સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ
(૨) દિવ્યકાંત મોહનલાલ સલોત—ઉપપ્રમુખ
(૩) જશવંતરાય ચીમનલાલ ગાંધી—ઉપપ્રમુખ
(૪) મનહરલાલ કેશવલાલ મહેતા—માનદ્‌મંત્રી
(૫) ચંદુલાલ ધનજીભાઈ વોરા—માનદ્‌મંત્રી
(૬) ચીમનલાલ વર્ધમાન શાહ—માનદ્‌મંત્રી
(૭) હસમુખરાય જયંતીલાલ શાહ—ખજાનચી


* * *

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૦=૦૦
સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૦=૦૦

* * *


**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

ટાઈટલ પેઈજ આખું રૂા. ૫૦૦૦=૦૦
આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦
અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦
પા પેઈજ રૂા. ૧૦૦૦=૦૦


* * *

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાનખાતું, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

* * *


**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન નં. (૦૨૭૮) ૨૫૨૧૬૯૮


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દુનિયાના ધર્મોમાં જૈનધર્મનું સ્થાન

—પ્રફૂલ્લાબેન રસિકલાલ વોરા

**ભૂમિકા :** પ્રસ્તુત વિષયની ચર્ચાની ભૂમિકા રૂપે ધર્મનો સાચો અર્થ સમજીએ.

આ સમગ્ર બ્રહ્માંડમાં ચેતન-અચેતન વસ્તુઓ રહેલી છે. દરેક વસ્તુ પોતાના સ્વભાવને ધારણ કરે છે. જેમ સૂર્યને પ્રકાશવાનો ધર્મ છે; જેમ પુષ્પને ખીલવાનો ધર્મ છે તેમ માનવીને માનવતા, સાધુતા અને દિવ્યતા પ્રગટાવવાનો ધર્મ છે. ધર્મ માનવીને દિવ્યજીવન જીવવાની કળા શીખવે છે. ધર્મ એ માનવી અને પરમતત્ત્વની પ્રાપ્તિ વચ્ચેની કેડી છે. તો આવો ધર્મ ખરેખર શું છે?

**ધર્મનો અર્થ :** ધર્મ એટલે આંતરિક દોષો પર વિજય અને સભ્યતા, માનવતા, આત્મીયતા, ક્ષમા, પ્રેમ જેના સદ્‌ભાવોને આત્મસાત્ કરવાની સાચી રીત. બીજા શબ્દોમાં કહીએ તો જે તત્ત્વ માનવજાતિને સભ્યતા આત્મીયતા, મહાનતા અને માનવતાના પંથે દોરી જાય છે તેને ધર્મ ધર્મ કહે છે. ધર્મ આત્મવિકાસ અને માનવવિકાસ માટેનું સહાયક પરિબળ છે. ધર્મ રાગ અને દ્વેષ પર વિજય અપાવે છે અને માન, મોહ જેવા વિષય-કષાયોને પરાસ્ત કરી તેમાંથી છૂટકારો અપાવે છે. ધર્મક્રિયા, ધર્મશબ્દો અને ધર્મશાસ્ત્ર માનસિક શાંતિનો અનુભવ કરાવે છે.

'ધર્મ' શબ્દ મૂળ સંસ્કૃત ક્રિયા પદ धारयति (ધૃ-ધાતુ) પરથી આવ્યો છે. જે સમસ્ત વિશ્વને ધારણ કરે છે તે ધર્મ છે, અર્થાત્ આ ધર્મ તત્ત્વ સમસ્ત વિશ્વ માટે આંતરિક ચૈતન્યરૂપ છે. ધર્મ જીવનને દિવ્યતા તરફ લઈ જઈ મહાઆનંદનો અનુભવ કરાવે છે. પાણી અને ખાતર વગર જેમ વૃક્ષ ઊગી ન શકે, તેમ માનવી ધર્મ વગર સાચા-આત્મિક સુખની પ્રાપ્તિ ન કરી શકે. સાંપ્રત સમયે માનવીનું જીવન વધારેને વધારે અશાંતિ અને અજંપાભર્યું બનતું જાય છે; સલામતી અને વિશ્વનીયતા જોખમાતી જાય છે ત્યારે માનવીને બચાવનાર હોય તો તે ધર્મ જ છે.

આમ, ધર્મનું બાહ્ય સ્વરૂપ બાહ્ય શક્તિનું સંવર્ધન કરે છે એટલું જ નહીં, એથી પણ વિશેષ, તે માનવીના આંતરિક સ્વરૂપ અને સર્વ-શક્તિઓના આધારભૂત એવા આત્મિક ગુણોની અને આત્મિક સુખની પ્રાપ્તિ કરાવે છે.

ધર્મ જીવનચર્યાનો માર્ગ બતાવે છે અને અંતે જીવનની પૂર્ણતાએ સમાધિપૂર્વક સિદ્ધિગતિના દ્વાર ખોલી આપે છે.

**વિવિધ ધર્મોમાં જૈનધર્મ :** ધર્મ એ આત્માની ચીજ છે, તેથી ધર્મ એ અંતર, આત્મા અને અલૌકિક સુખ સાથે જોડાયેલું પરમતત્ત્વ છે. તેથી સમસ્ત વિશ્વમાં વિવિધ ધર્મો અને સંપ્રદાયો અસ્તિત્વ ધરાવે છે. જુદા જુદા મહાપુરુષોએ પોતપોતાની રીતે ધર્મને સમજવાનો અને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. અહીં એક બાબત નિર્વિવાદ છે કે જ્યારે ધર્મના ખરા સ્વરૂપને ઓળખ્યા વગર પોતાના આગ્રહને સિક્કા લગાવવાથી ધર્મ વગોવાય છે. તેથી વિવિધ ધર્મો અને સંપ્રદાયોની સૈદ્ધાન્તિક ભૂમિકામાં પણ તફાવત છે.

અંગ્રેજ લેખક હ્યુમના જણાવ્યા અનુસાર માનવજાતિ જે જે ધર્મ પાળતી આવી છે તે સૌ ધર્મોનું તેમનાં કલેવરને અનુસરીને વર્ગીકરણ કરવામાં આવ્યું છે. તેથી વિવિધ દેશકાળમાં ધર્મના વિવિધ આચારો ઊપસી આવ્યા. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર અને માન્યતાઓનાં કારણે સમગ્ર વિશ્વમાં કુલ અગિયાર જેટલા ધર્મો અને સંપ્રદાયો પ્રચલિત છે. જેમાં હિન્દુ, જૈન, બૌદ્ધ, ઇસ્લામ, ખ્રિસ્તી જેવા મુખ્ય ધર્મો ઉપરાંત તાઓ, શિખ, જરથોસ્તી, યહુદી, શિન્તો વગેરે મુખ્ય છે.

ધર્મ એ કોઈ પણ સંસ્કૃતિનું રક્ષક પરિબળ છે. તેના આચરણથી માનવીને પરમ આનંદ અને શાશ્વતસુખનો અનુભવ થાય છે. ધર્મ, કષાયો--પાપોથી મુક્ત કરાવી સર્વજનને દિવ્યતાનો અનુભવ કરાવે છે. માટે જ આજે વિશ્વમાં ખ્રિસ્તી ધર્મ, ઇસ્લામ ધર્મ, હિન્દુ ધર્મ, બૌદ્ધ ધર્મ તથા જૈન ધર્મ ઉપરાંત અન્ય ધર્મો વિદ્યમાન છે. ધર્મ વગરની સંસ્કૃતિ પાંગળી છે; અલ્પજીવી છે; અધૂરી છે. ધર્મ વગરનું ઐશ્વર્ય અને ભક્તિ વિનાની ભવ્યતા એ પાયા વગરની ઇમારત જેવાં છે. આથી પ્રવર્તમાન ધર્મો માટે અધ્યયન અને આચરણને પાયાની બાબતો ગણી છે. હવે પ્રશ્ન એ થાય કે આ તમામ ધર્મો આચારની બાબતમાં સામ્યતા ધરાવે છે? સૈદ્ધાન્તિક ભૂમિકાએ આ ધર્મો જુદા પડે છે? આ તમામ ધર્મોમાં જૈનધર્મનું સ્થાન ક્યાં છે?

આમ તો તમામ ધર્મો આત્માની ઉન્નતિ માટે છે. જીવનને ઊર્ધ્વગામી બનાવવા માટે છે. જીવનના અંતિમ ધ્યેયની પ્રાપ્તિ માટે છે, પરંતુ આ ધર્મો આ ધ્યેય પ્રાપ્તિના માર્ગો પ્રસ્થાપિત કરવામાં વૈવિધ્ય ધરાવે છે.

આ સંદર્ભમાં હવે આપણે એ જોઈએ કે જગતના મુખ્ય ધર્મો ઈશ્વર, જગત, કર્મ અને મૃત્યુની બાબતમાં ક્યાં સામ્યતા કે અલગતા ધરાવે છે. પ્રથમ અહીં ઈશ્વર અને જગત વિષેના ખ્યાલો વિચારીએ.

**ઈશ્વર વિષેનો ખ્યાલ :** જગતના મોટા ભાગના ધર્મોમાં ઈશ્વર કે ભગવાનને સૃષ્ટિના કર્તા માનવામાં આવે છે. જગતનો કર્તા ઈશ્વર જ હોઈ શકે. ઈશ્વર તરીકે બીજા કોઈપણને સ્થાન નથી.

**હિન્દુધર્મ** અનુસાર આ સૃષ્ટિનો તમામ આધાર ઈશ્વર પર છે. તેને બ્રહ્મા, પરમપિતા કે સર્જનહાર તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વી પર પાપનો બોજ વધી જાય કે અધર્મ ફેલાય, ત્યારે ઈશ્વર કોઈ અવતાર ધારણ કરે છે. દા.ત રામ, કૃષ્ણ વગેરે અને અધર્મનો નાશ કરી. પુનઃ ધર્મના બીજ વાવે છે.

**ખ્રિસ્તી ધર્મમાં** ઈશ્વર પશ્ચાત્ ભૂમિકામાં છે. છતાં તે કર્તા છે એટલે કે તે અનાદિ છે. તે પૃથ્વી પર અવતાર ધારણ કરતો નથી પણ તે ત્રણ સ્વરૂપે વિદ્યમાન છે. સ્વર્ગમાં વસે છે તે ઈશ્વર છે, પૃથ્વી પર તેના પુત્ર જીસસ અને મનુષ્યમાત્રમાં આત્મા સ્વરૂપે ઈશ્વરનું અસ્તીત્વ છે.

**ઈસ્લામ ધર્મમાં** પણ અલ્લાહ કે ખુદા તરીકે ઈશ્વરે આ સૃષ્ટિની રચના કરી છે.

**બૌદ્ધ ધર્મમાં** ઈશ્વરની સહાય વગર જ માનવી ધર્મના સહારે નિર્વાણપદની પ્રાપ્તિ કરી શકે છે એવું માનવામાં આવે છે. વ્યક્તિની મુક્તિ સાથે ઈશ્વરની અનિવાર્યતાને કાંઈ સંબંધ નથી.

આ તમામ બાબતો પરથી જણાય છે કે બૌદ્ધધર્મ સિવાય, તમામ ધર્મોએ ઈશ્વરને આ સૃષ્ટિના રચયિતા માન્યા છે.

**જૈન ધર્મ** ઈશ્વરની માન્યાતમાં ઘણો જુદો પડે છે. તે પ્રમાણે ઈશ્વર આ સૃષ્ટિનો સર્જનહાર નથી. તેમાં માત્ર એક જ ઈશ્વર નથી. તીર્થંકરો અનાદિકાળથી છે અને હજુ પણ તે પરંપરા ચાલુ છે રહેશે. ઈશ્વનો કર્તાભાવ અહીં સ્વીકારવામાં આવ્યો નથી. કોઈ પણ વ્યક્તિ સાધના કરીને તીર્થંકર નામકર્મ બાંધી શકે. જૈનધર્મમાં સૃષ્ટિના કર્તૃત્વવાદ જ નથી. એક વાર મુક્ત થયેલો આત્મા પૃથ્વી પર ઈશ્વર તરીકે અવતાર પામતો નથી. આ સૃષ્ટિનો તે કે કોઈ સર્જનહાર નથી. તે સુખ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુ:ખનો કર્તા કે દાતા નથી.

એટલે જૈનધર્મ ઈશ્વરવાદી સિદ્ધાંતમાં જગતના મુખ્ય ધર્મોથી જુદો પડે છે. વીતરાગતા અને સત્યવાદિતા અને સર્વજ્ઞતા જેવા વિશેષ ગુણો ધરાવનાર ભવ્યાત્મા કર્મક્ષય દ્વારા પરમાત્મા બની શકે છે.

**જગત વિષેનો ખ્યાલ :** ઈશ્વર વિષયક માન્યતાઓની માફક આ પ્રશ્નો પણ યથોચિત છે. આ જગત કોણે બનાવ્યું? શા માટે બનાવ્યું? કેવી રીતે બનાવ્યું? વગેરે.

જગતની રચના કે સર્જનની બાબતોમાં વિવિધ ધર્મો અલગ અલગ મતમતાંતરો ધરાવે છે. આ જગતને જોતા અનેક આશ્ચર્યો થાય છે, માટે જ જગત વિષેના ખ્યાલમાં દરેક ધર્મના સ્થાપક અથવા દૃષ્ટાઓએ પોતપોતાની માન્યાતાઓ રજૂ કરી, જગતના ખ્યાલને સમજાવવા માટે પ્રયત્ન કર્યો છે.

હિન્દુ ધર્મના સુપ્રસિદ્ધ ગ્રંથ 'ભગવદ્ ગીતા'માં સૃષ્ટિ વિષે ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે આ સૃષ્ટિનો સર્જનહાર ઈશ્વર જ છે, એટલે કે ઈશ્વરરૂપે વિવિધ અવતારો તેના સર્જનનું કાર્ય કરે છે. કૃષ્ણ પોતે પણ આવા અવતારી પુરુષ હતા, માટે તેણે પોતાની લીલા રચવા માટે આ સૃષ્ટિનું સર્જન કર્યું છે. તે સમાપ્ત કરનાર પણ ઈશ્વર પોતે જ હોય છે. આ રીતે સૃષ્ટિનું સર્જન-વિકાસ-વિસર્જન, તમામ બાબતોનાં સંચાલક ઈશ્વર છે.

**ખ્રિસ્તીધર્મ** પ્રમાણે ઈશ્વર જ આ સૃષ્ટિનો સર્જક છે. 'આદિ દેવે આકાશ તથા પૃથ્વી બનાવી. જલનિધિ પર અંધારું હતું અને આદિ દેવનો આત્મા તે પાણી પર ચાલતો હતો. અંધારું દૂર કરવા દેવે અજવાળાંને પોકાર કર્યો. તરત જ અજવાળું થયું અને લગભગ છ દિવસમાં તે દેવે આકાશ, ભૂમિ, સમુદ્ર, વનસ્પતિ, સૂર્ય, ચંદ્ર વગેરે અને જીવ-જંતુનું સર્જન કર્યું. અંતે પોતાના સ્વરૂપ જેવા માનવનું સર્જન કર્યું. આમ સૃષ્ટિના સર્જન પછીનો સાતમો દિવસ નિર્માણ પછીનો પવિત્ર દિવસ ગણવામાં આવે છે. Holiday નહીં પણ Woly day ગણી તેને પ્રાર્થનાનો દિવસ માનવામાં આવે છે.

**ઈસ્લામ ધર્મમાં** પયગમ્બરને જગત્કર્તા માનવામાં આવે છે. જેમ જાદુગર બોલતો જાય અને નવી નવી વસ્તુ કાઢતો જાય, એ રીતે અલ્લાહ શબ્દોનું ઉચ્ચારણ કરતા જાય અને આકાશ, પૃથ્વી, પાણી, વનસ્પતિ, જીવો આદિનું સર્જન થતું જાય. આમ, ખુદા કે અલ્લાહને જ આ જગતના સર્જક માનવામાં આવે છે.

**પારસી ધર્મમાં** પણ જગતના સર્જન વિષે રસપ્રદ માન્યતા છે. તે મત અનુસાર સૌથી પહેલા રોશની-પ્રકાશનો ઝરો ઉત્પન્ન થયો. તેમાં એક ચમકતું બીજ બન્યું જેમાં હવા-પાણીનું સ્વરૂપ પ્રગટ્યું. એમાંથી ગુલાબની ડાળી થઈ, ફુલની અંદરથી નીકળેલી હવામાંથી દિવસ-રાત થયા અને આદિ પુરુષ આદમનું સર્જન થયું. આ રીતે સમગ્ર જીવસૃષ્ટિ અર્થાત્ જગતની રચના થઈ.

**બૌદ્ધ ધર્મ** અનુસાર પણ સૃષ્ટિ કે જગતના સર્જક કોઈ નથી પણ આ જગત વિવિધ પુદ્ગલોનું બન્યું છે.

**જૈનધર્મ** જગતના સર્જનહાર ઈશ્વર કે પરમાત્મા નથી. તે નાશ કરનાર પણ નથી. તે માત્ર દૃષ્ટા છે. આ જગતમાં રહેલા અનંતા જીવો અને અનંતા જડ-પુદ્ગલો છે. તેમનાં સંયોગથી આ જગત બન્યું છે. વીતરાગ તો રાગ-દ્વેષથી પર છે. માટે તે સર્જક ન હોઈ શકે. જીવ પોતે જ પોતાના કર્મોના ફળ સ્વરૂપે ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે. અને જડ પદાર્થો પણ સત્ય છે. આ રીતે જગત બાબતમાં આમ જૈનધર્મ અન્ય ધર્મોથી જુદો પડે છે. *(ક્રમશ:)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નિંદાનું અનોખું શાસ્ત્ર : બીજાને નાના કરીને મોટા થવાનો પ્રયાસ

—મહેન્દ્ર પુનાતર

ધર્મના ધુરંધર ચાર પંડિતો એક જગ્યાએ વ્યાખ્યાન માટે ભેગા થયા હતા. ધર્મની ઊંચી ઊંચી વાતો થઈ હતી. સદાચાર, સદગુણ, નીતિ અને ચારિત્રને જીવનમાં ઉતારવા ભાર મુકાયો હતો. ચર્ચા અને વ્યાખ્યાન પૂરું થયા પછી કાર્યક્રમની સફળતાની વાતો કરતા કરતા તેઓ નિરાંતે બેઠા હતા. નકલી વાતો પતી ગઈ હતી હવે તેઓ અસલી વાત પર આવી ગયા હતા.

એક વયોવૃદ્ધ પંડિતે કહ્યું ભાઈઓ આપણે સૌ માણસો છીએ. દોષો કોનામાં નથી? આપણે કેટલીક બાબતોનો એકરાર કરવો જોઈએ અને આપણે તો સૌ મિત્રો જેવા છીએ.

આપણે એકબીજાથી છુપાવવાનું શું? રાત દિવસ હું ધનના વિરોધમાં પ્રવચનો આપું છું. પૈસાનો મોહ જતો કરવા લોકોને ઉપદેશ આપું છું પરંતુ મારી મોટી નબળાઈ ધન છે. ધન પરની પક્કડ છોડી શકતો નથી. એક પૈસો પણ મારો ખોવાઈ જાય તો રાતે ઊંઘ આવતી નથી.

પ્રવચન માટે થોડા પૈસા મળે તો મારું મન નારાજ થઈ જાય છે. મન કહે છે થોડા વધુ પૈસા ભેગા કરી લઉં પછી થોડી નિરાંત થાય. આનાથી હું ખૂબ પરેશાન છું.

બીજા પંડિતે કહ્યું ભાઈ તમારી વાત સાચી છે. મારી મોટી નબળાઈ અહંકાર છે. મને ક્યાંય આવકાર મળે નહીં, ઊંચા આસને બેસવા મળે નહીં, કોઈ મારી પ્રશંસા કરે નહીં તો મારું મન નારાજ થઈ જાય છે.

શ્રીમંતોને સૌ નમસ્કાર કરે છે. મને પણ થાય છે કે જીવનમાં ધન જરૂરી છે. અહંકારના વિરોધમાં મેં ઘણા ભાષણો ઠોક્યાં છે પરંતુ હું તેની પાર જઈ શકતો નથી.

નિખાલસતાના માહોલમાં ત્રીજા પંડિતે કહ્યું તમારી નબળાઈ કરતાં મારી નબળાઈ સાવ જુદી છે. હું બ્રહ્મચર્ય પર વ્યાખ્યાનો આપું છું અને લોકોને સંયમને અનુસરવા અનુરોધ કરું છું પરંતુ હું સતત કામ-વાસનાથી પિડિત છું. મને સ્ત્રી સિવાય બીજું કશું દેખાતું નથી. આ બધા ભોગ ભોગવવા પૈસા ખૂબ જરૂરી છે. પૈસા વિના બધું નકામું છે.

આ પછી આ ત્રણે પંડિતોએ ચોથા પંડિતને કહ્યું બંધુ હવે તું તારી નબળાઈની કાંઈક વાત કર. તું તો અમારા કરતા ઉંમરમાં ઘણો નાનો છો. તારી પાસેથી તો ઘણી રસમય વાતો સાંભળવા મળશે.

ચોથા પંડિતે કહ્યું : મારી નબળાઈની શું વાત કરું. તમને જાણીને આશ્ચર્ય અને ધક્કો પહોંચશે. ત્રણે પંડિતોના કાન સરવા થઈ ગયા. ભાઈ બોલી નાખ કશું છુપાવતો નહીં. અમે કોઈને કશું કહેશું નહીં.

આ નાના પંડિતે કહ્યું મારી મોટામાં મોટી નબળાઈ એ છે કે મને બીજાની હલકી વાતો સાંભળવી ગમે છે. બીજાના દોષો જોવા ગમે છે. હવે મારે અહીંથી ઉઠવું પડશે. હું અહીં લાંબો સમય બેસી નહીં શકું. મારા પેટમાં કોઈ વાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટકતી નથી. તમારી આ વાત બીજાને નહીં જણાવું ત્યાં સુધી મને ચેન નહીં પડે.

ત્રણે પંડિતો ગભરાઈ ગયા. તેમણે કહ્યું ભાઈ આવું કરતો નહીં. આનાથી અમારી બદબોઈ થશે. તને આમાંથી કાંઈ ફાયદો નથી.

તું પણ અમારાથી કાંઈ ઓછો ઉતરે એવો નથી.

ચોથાએ કહ્યું : ફાયદો જરૂર છે તમારા દોષો જોયા પછી મને લાગે છે કે હું તમારા કરતાં સારો છું અને લોકો પણ મને તમારા કરતાં સારો અને સદાચારી માનશે.

ટીકા અને નિંદાનું આ જ શાસ્ત્ર છે આપણને બીજાના દોષો શા માટે જોવા ગમે છે? કારણ કે આપણામાં માનવ સહજ નબળાઈઓ છે. બીજાના દોષોને મોટા કરી નાખીએ તો આપણા દોષો આપણને નાના લાગે છે.

પોતાનામાં રહેલી નાનપ, અધુરપ અને ખામીને છુપાવવા માટે આ શસ્ત્રનો ઉપયોગ થતો હોય છે. માણસની આ મોટામાં મોટી નબળાઈ છે. બીજાને નાના બનાવીને મોટા થવાનો આ પ્રયાસ છે.

આપણે જ્યારે કોઈની પ્રશંસા કે વખાણ કરીએ છીએ ત્યારે જેના વખાણ થતા હોય એ સિવાય બીજું કોઈ સાંભળવા રાજી હોતું નથી. બીજાને એમાં રસ પડતો નથી. શિષ્ટાચાર ખાતર હસીને કહેવાતું અનુમોદન આપીએ છીએ પરંતુ દિલનો સૂર એમાં વ્યક્ત થતો નથી, ઉપર ઉપરથી માથું ધુણાવ્યા કરીએ છીએ, પરંતુ કોઈની ટીકા કે નિંદા થતી હોય તો રસ જાગે છે, કાન સરવા થઈ જાય છે. આ બધી વાતો ધ્યાન દઈને સાંભળીએ વધુ વાતો કઢાવવા માટે ટાપસી પૂરીએ છીએ. બધી વાતનો નિચોડ કાઢી લીધા પછી કહીએ છીએ ‘જવા દો ને એ વાત આપણને બીજાની આવી વાતો સાંભળવામાં રસ નથી.

ટીકા અને નિંદા જેટલી સ્વીકાર્ય બને છે તેટલી પ્રશંસા જલ્દીથી સ્વીકાર્ય બનતી નથી. ખરાબ વસ્તુ જેટલી ત્વરાથી ગ્રહણ થઈ જાય છે એટલી સારી વસ્તુઓ જલ્દીથી ગળે ઉતરતી નથી.

દરેક માણસમાં કાંઈને કાંઈ દોષ, ઉણપ અને ક્ષતિ હોય છે. આ દોષ મનમાં પીડા ઊભા કરતો હોય છે એટલે બીજાના મોટા દોષો શોધી કાઢીએ છીએ જેથી આપણા દોષ નાના અને નજીવા બની જાય. બીજાને જેટલા દુર્જન જોઈ શકીએ એટલા આપણે સજ્જન માલુમ પડીએ છીએ. સ્વયંને છેતરવાની આ એક તરકીબ છે.

આપણી અંદર રહેલા દોષોને કબૂલ કરવાની કે તેને દૂર કરવાની આપણી તૈયારી નથી.

આ રસ્તો કઠિન છે એટલે આપણે બીજો સરળ ઉપાય શોધી કાઢ્યો છે. બીજાના દોષોને જોવાનો. બીજાના દોષોને પ્રોજેક્ટ કરીને આપણે આપણા દોષોને ઢાંકી દેવાનો પ્રયાસ કરીએ છીએ.

મન જ્યાં સુધી બીજાના દોષોને જોતું રહે ત્યાં સુધી વિનય પ્રગટે નહીં. જ્યાં સુધી માણસ એમ સમજે કે મારા સિવાય બીજા બધા ખોટા છે. હું કહું એજ સાચું છે ત્યાં સુધી વિનય આવે નહીં.

અહંકારનો પારો નીચે ઉતરે ત્યારે વિનય ઉદભવે છે. ભીતરમાં એવું પરિવર્તન ઊભું થવું જોઈએ કે બીજાના દોષો જણાય નહીં. બીજા દોષિત લાગે નહીં અને પોતાના દોષો જોવાનું શરૂ થાય ત્યારે વિનયની વર્ષા થાય છે.

જે પોતાના દોષો જોતો નથી તે બીજાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દોષો પ્રત્યે કઠોર બની જાય છે. આપણે પોતાના દોષ જોઈ શકીએ ત્યારે બીજાથી આપણે શ્રેષ્ઠ છીએ એમ માનવાને કોઈ કારણ રહેતું નથી. અહંકાર ઓગળી જાય છે.

આપણે આપણા દોષોને છુપાવવા અને બહારથી સારા દેખાવા માટે નકલી ચહેરો ધારણ કરવો પડે છે. દંભ અને દિખાવટ બહુ લાંબો સમય ચાલતી નથી.

સમય આવ્યે અસલી ચહેરો પ્રગટ થઈ જાય છે. બીજાને ઉપદેશ આપવો સહેલો છે, જીવનમાં ઉતારવાનું બહુ કઠિન છે. કબીરે કહ્યું છે....


**સુનીએ ગુણ કી વારતા; અવગુણ લીજે નાહીં**
**હંસ ક્ષીરકો ગ્રહત હૈ; નીર ગ્રહત નાહીં!!**

જીવનમાં ગુણગ્રાહી બનવું જોઈએ. બીજાનું સારું બોલવું અને સાંભળવું જોઈએ. બીજાના અવગુણ સાંભળવાથી કોઈ ફાયદો નથી.

**ઉપદેશ અને સલાહ આપવાનું સહેલું છે પરંતુ એ મુજબ જીવનમાં ઉતારવાનું કઠિન છે. માણસ ગુણ પોતાના અને દોષ બીજાના જુએ છે. આથી ઉલટું બને તો જીવનમાં ક્રાંતિ ઘટિત થઈ જાય અને વિનય પ્રગટે. આ એક અંતરતપ છે.**

*[મુંબઈ સમાચાર*
*તા. ૪-૪-૦૪ના*
*જિન-દર્શન વિભાગમાંથી*
*સાભાર]*

❀ ❀ ❀



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ખાતે

# પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મ.સા.નું યાદગાર આગમન

*--મુકેશ સરવૈયા.*

અનેક ભાષાઓના જાણકાર વયોવૃદ્ધ અને જૈન સાહિત્યના પ્રખર જ્ઞાતા આગમપ્રજ્ઞ મુનિશ્રી જંબૂવિજયજી મ.સા. આદિ ઠાણાએ ભાવનગરના આંગણે પધારતાં શ્રીસંઘમાં આનંદ આનંદ છવાઈ ગયો હતો.

દુનિયાભરમાં પોતાના શ્રમણરત્નો અને સાધુ-સાધ્વીઓના વિશાળ સમુદાયની અનહદ ચાહનાના કારણે નામના મેળવનાર ૮૨ વર્ષના વયોવૃદ્ધ પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મ.સા. ભાવનગર શહેરના જુદા જુદા દેરાસરોએ દર્શન-વંદન-વ્યાખ્યાન આદિના શાસન પ્રભાવક કાર્યો કરાવી ગત તા. ૧૮ તથા ૧૯ મે-૦૪ના રોજ ભાવનગરની સુપ્રસિદ્ધ સંસ્થા શ્રી જૈન આત્માનંદ સભાની શુભેચ્છા મુલાકાતે પધાર્યા હતા. પૂજ્યશ્રીના આગમન પ્રસંગે સભાના હોદ્દેદારશ્રીઓ તથા સભ્યશ્રીઓએ હાજર રહી સભાની અમૂલ્ય હસ્તલિખીત પ્રતો, છાપેલ પ્રતો તથા સભાના લાઈબ્રેરી વિભાગના પુસ્તકોનો પરિચય આપ્યો હતો. પૂજ્યશ્રીએ સભાના અમૂલ્ય ગ્રંથોની જાળવણી તથા તેના જતન માટેની સભાની કાર્યવાહીથી સંતોષ વ્યક્ત કર્યો હતો.

સભા પ્રત્યે અનન્ય લાગણી અને મમતા ધરાવતા આગમપ્રજ્ઞ પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મ.સા. એ સભા દ્વારા પ્રકાશિત શ્રી દ્વાદ્શારં નયચક્રમ ભાગ ૧-૨ અને ૩નું અમૂલ્ય સંપાદન કાર્ય કરેલ છે. હાલમાં પણ આગમ ગ્રંથ એવા સ્થાનાંગ સૂત્રમ ભાગ ૧-૨ અને ૩નું પણ પૂજ્યશ્રીના કરમકમલ દ્વારા સંપાદન કરવામાં આવેલ છે.

સભાના વિકાસમાં પૂજ્યશ્રીનો સિંહફાળો રહ્યો છે તેમ કહીએ તો તેમા અતિશ્યોક્તિ નહિ ગણાય.

આવા આગમપ્રજ્ઞ પૂ. મુનિશ્રી ગુજરાતી, અંગ્રેજી, ફ્રેંચ, જર્મન, જાપાનીઝ, સિંહાલી, પાલી, સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી સહિત બે ડઝન ભાષાઓના જ્ઞાતા છે. જૈસલમેર ગ્રંથમાળાના અમૂલ્ય ગ્રંથોની જાળવણીનું કાર્ય પૂજ્યશ્રીએ તનતોડ મહેનત કરીને કર્યુ છે. આ માટે પૂજ્યશ્રીએ બે-ત્રણ વર્ષ પૂર્વે જૈસલમેર ચાતુર્માસ સ્થિરતા કરી આ કાર્યમાં પ્રાણ પૂર્યા હતા. પૂજ્યશ્રી જ્ઞાનની આરાધના અર્થે નાના ગામડાઓ અને નાના તીર્થોમાં ચાતુર્માસ પસાર કરવાનું પસંદ કરે છે જે તેઓશ્રીની આગવી ખાસિયત છે.

આવા સરલ સ્વભાવી, જીવદયા પ્રેમી, જ્ઞાનાધારક અને સાહિત્ય પ્રેમી એવા પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મ.સા.ને પદનો કોઈ મોહ નથી. શ્રીસંઘો દ્વારા અનેક વિનંતીઓ થવા છતાં તેઓશ્રી આચાર્યપદવીથી અળગા રહે છે. બસ જ્ઞાનારાધના જ તેમને મન જીવનનું મૂલ્ય છે.

આજે પૂજ્યશ્રીની ઉંમર લગભગ ૮૨ વર્ષની છે. છતાં આજે પણ તેઓ શત્રુંજય ગિરિરાજની યાત્રા પગપાળા કરી શકે છે. કેવું આત્મવિશ્વાસપૂર્વકનું તેમનું જીવન હશે તે આ વાતની ગવાહી પૂરે છે. આજે આટલી જૈફ ઉંમરે પણ પૂજ્યશ્રી ઉગ્ર વિહાર દરમ્યાન પણ ડોળીનો ઉપયોગ કરતાં નથી. સમેતશિખરજીની નવ-નવ વખત યાત્રા કરનાર સંતશિરોમણી સમા પૂજ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિશ્રી જંબૂવિજયજી મ.સા.ને શ્રી જૈન આત્માનંદ સભાના ટ્રસ્ટીવર્યોના શત શત વંદન.

પૂજ્યશ્રી અંગેના જીવનની ઝાખી અમોએ શ્રી આત્માનંદ પ્રકાશ માસીકના પૂર્વે છપાયેલ પુસ્તક નં. ૧૦૦, એપ્રીલ ૨૦૦૩ના અંક નં. ૬માં પ્રગટ કરેલ છે.

પૂજ્યશ્રીનું આ ચાતુર્માસ ભાવનગર-જિલ્લાના મહુવા તાલુકાના કુંભણ ગામે છે.

❀ ❀ ❀


શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા પ્રકાશિત
'આત્માનંદ પ્રકાશ'રૂપી
જ્ઞાન દીપક સદા તેજોમય રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ.....

**બી સી એમ કોરપોરેશન**

(હોલસેલ ફાર્માસ્યુટીકલ ડીસ્ટ્રીબ્યુટર્સ)
નં. ૧, કલ્પના સોસાયટી, નવરંગપુરા પોસ્ટ ઓફિસ પાછળ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન : ૦૭૯-૬૪૨૭૨૦૦



**શ્રી ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.**

૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર-૩૬૪૦૦૧ ફોન : ૨૪૨૯૦૭૦, ૨૪૩૦૧૯૫

**: શાખાઓ :**

ડોન, કૃષ્ણનગર, વડવા, પાનવાડી, રૂપાણી, સરદારનગર, ભાવનગરપરા, રામમંત્રમંદિર, ઘોઘારોડ, શિશુવિહાર.

**તા. ૧-૧-૨૦૦૪ થી અમલમાં આવતા ધિરાણનાં ઘટાડેલાં વ્યાજનાં દરો**

| ધિરાણ મર્યાદા | વ્યાજનો દર | ધિરાણ મર્યાદા | વ્યાજનો દર |
|---|---|---|---|
| રૂા. ૫૦૦૦૦/- સુધીનું ધિરાણ | ૧૧.૦ ટકા | હાઉસીંગ લોન રૂા. ૮ લાખ સુધી ૭૨ હપ્તા | ૧૦ ટકા |
| રૂા. ૫૦૦૦૦/- થી રૂ. ૨ લાખ સુધી | ૧૨.૦ ટકા | ૭૨ હપ્તાથી વધુ | ૧૧ ટકા |
| રૂા. ૨૦૦૦૦૧/- થી રૂ. ૫ લાખ સુધી | ૧૩.૦ ટકા | સોના લોન રૂા. ૧ લાખ સુધી | ૧૨.૦ ટકા |
| રૂા. ૫૦૦૦૦૧/- થી રૂ. ૨૦ લાખ સુધી | ૧૪.૦ ટકા | મકાન રીપેરીંગ રૂા. ૭૫૦૦૦/- સુધી | ૧૧.૦ ટકા |
| | | NSC/KVP રૂા. ૧ લાખ સુધી | ૧૧.૦ ટકા |

❀ તા. ૧-૧-૨૦૦૪ થી ઘટાડેલા વ્યાજનાં દરો નવા ધિરાણમાં તેમજ રીન્યુઅલ ધિરાણને લાગુ પડશે.
❀ રેગ્યુલર હપ્તો ભરનારને ભરેલ વ્યાજનાં ૬ ટકા વ્યાજ રીબેટ આપવામાં આવે છે.
❀ બેન્કની વડવા - પાનવાડી રોડ શાખામાં વહેલા તે પહેલાનાં ધોરણે પસંદગીનાં લોકર ભાડે આપવામાં આવે છે.

**વધુ વિગત માટે હેડઓફિસ તથા શાખાનો સંપર્ક સાધવો.**

મનહરભાઈ એચ. વ્યાસ — જનરલ મેનેજર
વેણીલાલ એમ. પારેખ — મેનેજિંગ ડિરેક્ટર
નિરંજનભાઈ ડી. દવે — ચેરમેન


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રાણી મૈત્રી

(પૂ. મુનિશ્રી ચિત્રભાનુ મહારાજશ્રી આપેલા એક મનનીય પ્રવચન ઉપરથી)

**न त्वहम् कामये राज्यम्, न स्वर्गम् नापुनर्भवम् ।**
**कामये दुःखतप्तानाम् प्राणोनामार्तिमोचनम् ।।**

હું જ્યારે નાનો હતો ત્યારે એક સાધુ પાસે જતો એ સાધુ પ્રવચનકાર તો નહોતા પણ જીવનને દૃષ્ટાંતો અને આદર્શોથી બતાવનાર ઓછાબોલા સાધુ હતા. એક દિવસની વાત છે. એક દિવસ મને સાથે લઈ નીકળ્યા અને કહ્યું કે એક રૂપિયો લઈ આવ. હું દુકાનેથી મારા પિતાજી પાસેથી રૂપિયો લઈ આવ્યો. સાધુએ રસ્તામાં ચાલતાં કહ્યું કે એક રૂપિયાની પીપરમીટ લઈ લે. મને થયું કે આ સાધુને પીપરમીટ ખાવાનું મન ક્યાંથી થયું? નાનાં બાળકો તો ખાય, પણ સાધુને ક્યાંથી મન થયું? પણ હું એનો પ્રેમી હતો. હું એ રૂપિયાની પીપરમીટ લઈ આવ્યો અને મેં એમને આપી. અમે સાથે નીકળ્યા. એક બગીચામા નાનાં નાનાં બાળકો સાથે માતાઓ આવતી હતી. પેલા સાધુ દરેક બાળકને બોલાવીને પીપરમીટ આપતા અને પ્યાર કરતા. આ જોઈ એની માતાઓ ખુશ થઈ જતી અને સાધુને પ્રણામ કરીને આગળ વધતી. એમ કરતાં રૂપિયાની પીપરમીટ પૂરી થઈ ગઈ.

ત્યાંથી ઊઠતા સાધુએ મને કહ્યું : ''જોયું?'' મેં કહ્યું, 'શું જોયું?' 'તું સમજ્યો નહીં?' 'ના, હું નથી સમજ્યો. તમે શું કહેવા માંગો છો?' 'જો, એક રૂપિયાની પીપરમીટથી કેટલાં બાળકો ખુશ થઈ ગયાં અને સાથે એમની માતાઓ પણ ખુશ થઈ ગઈને? શા માટે ખુશ થઈ ગઈ? બાળકોને પ્યાર કરીએ છીએ તો એમની મા પણ ખુશ થઈ જાય છે.'

આમ કહી મને બતાવ્યું કે ભગવાનના બાળકોને પ્રેમ કરશો તો ભગવાન ખુશ થશે જ. લોકો ભગવાનને પ્રસન્ન કરવા ઇચ્છે છે. લોકો બોલે છે : ભગવાન તારો જ આ સંસાર છે, પણ ભગવાનનાં બાળકોને પ્રેમ કરતા નથી. ભગવાનને પ્રેમ ક્યા પ્રકારથી કરીશું અને આપણે ભગવાનને કેવી રીતે પ્રસન્ન કરી શું?

જો પરમાત્માને પ્રસન્ન કરવા હોય તો આત્માઓને પ્રસન્ન કરવા જ પડશે. આત્માને પ્રસન્ન નહિ કરીએ તો પરમાત્મા પ્રસન્ન કેમ થશે?

શ્રી જયપ્રકાશજીએ આજની ક્રૂરતાની, માનવના હૃદયમાં છુપાયેલા દંભની, ધનની લાલસાની, વર્તમાનમાં વૈભવ અને વિલાસના પ્રદર્શનની વાત કરી છે. આ વાતોના કેન્દ્રમાં જોશો તો જણાશે કે માનવ આત્મદૃષ્ટિ ગુમાવી બેઠો છે.

સાચી વાત તો એ છે કે આપણે આપણામાં અને આપણી આસપાસ જે આત્માઓ છે તેમને પ્રસન્ન કર્યા વિના સીધા જ પરમાત્માને પ્રસન્ન કરવા ઇચ્છીએ છીએ. પણ જે આત્માને પ્રસન્ન નથી કરતો એ પરમાત્માને કદી પણ પ્રસન્ન નથી કરી શકવાનો.

એટલે જ આપણા ચિંતક મહર્ષિઓએ એક સરસ વાત બતાવી. અને તે વાત આ સુભાષિતમાં છે. આ સુભાષિતનો વિચાર કરીએ તો આપણે ખ્યાલ આવશે કે સર્વ જીવોના કલ્યાણની ભાવના કેટલી તીવ્ર હોઈ શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**'न त्वहं कामये राज्यम्'**

હે પ્રભુ! મારે રાજ્ય નહિ જોઈએ. જેને પાંચ વર્ષ માટે electionમાં-ચુંટણીમાં આવવું છે એમની વાત છોડી દો. પણ જે ભક્ત છે, જે સાધક છે, જે જીવનને ધન્ય બનાવવા માંગે છે, અને જેને ખબર છે કે જીવનનો હેતુ શું છે એની આ પ્રાર્થના છે.

**'न स्वर्गम्'** મને સ્વર્ગ પણ નથી જોઈતું. આપણા બંધુઓ જ્યારે દુઃખી છે ત્યારે આપણે સ્વર્ગમાં જઈને કરીશું પણ શું? આસપાસ આંસુ હોય છે તો ખાવાનું પણ બગડી જાય છે.

પણ હું જોઈ રહ્યો છું કે આજે આંસુ વહી રહ્યાં છે, લોકો ચારે બાજુ પરેશાન થઈ રહ્યા છે, છતાં ઘણા માણસો આનંદ અને મહેફિલો માણી મણાવી રહ્યા છે.

આ સુભાષિતમાં કહ્યું કે **'नापुनर्भवम्'** હમણા મને મોક્ષ પણ નથી જોઈતો.

તો મને શું જોઈએ છે?

**'कामये दुःखतप्तानाम् प्राणीनाम् अर्तिमोचनम्'**

એક જ કામના અને મહેચ્છા છે કે જે દુઃખથી તપ્ત છે, જે દુઃખોથી પીડિત છે અને જે વેદનાનાં આંસુ વહાવે છે તે સૌ સર્વ પ્રકારનાં દુઃખોમાંથી મુક્ત થાઓ.

આપણે ગઈ કાલે પ્રભુ મહાવીર સ્વામીનું જન્મ કલ્યાણક તો ઊજવ્યું. પણ આપણે પ્રથમ એમના મુખ્ય સિદ્ધાંતોને જીવનમાં લાવવા માટે પૂર્ણ પ્રયત્ન કરવો પડશે. ભગવાને બતાવ્યું કે અહિંસા એ જ ધર્મનું અને જીવનનું મૂળ છે.

અહિંસા શું છે? તું જીવવા ઇચ્છે છે તો સંસારનાં બધા જ પ્રાણીઓ જીવવા માંગે છે.

આ અહિંસા બે પ્રકારની છે. વિધેયાત્મક અને નિષેધાત્મક.

નિષેધાત્મક એટલે કે આ નહિ ખાવું, આ નહિ કરવું. આજે ચતુર્દશી છે, એટલે આ નહિ ખવાય. પણ જે વિધેયાત્મક છે એટલે શું કરવું એ વાત પણ વિચારવી જોઈએ. લોકો શું નહિ કરવું એ વાત જાણે છે, પણ શું કરવું એ વાત ભૂલી ગયા છે.

મહાપુરુષોએ કહ્યું કે માનવી નિષેધ ખૂબ કરે છે પણ જે વિધેયાત્મક છે એ નથી કરતો. આપણે એ જાણીએ છીએ કે શું ન કરવું પણ આપણે એ નથી જાણતા કે શું કરવું.

મારું કર્તવ્ય શું, મારે શું કરવું જોઈએ એનો વિવેક એટલે વિધેય. જે દિવસથી માનવના જીવનમાં વિધેયનો અરુણોદય થાય છે એ દિવસથી માનવના હૃદયમાં કર્તવ્યનો પ્રકાશ પ્રગટે છે. એ દિવસથી એ પૂર્ણતા પ્રતિ પ્રયાણ કરે છે.

તો આજે આપણે 'કરવાની વાત' કરવાની છે. નહિ કરવાની વાત તો બહુ વર્ષોથી કરી અને 'કરવાની વાત' ભૂલી ગયા. એટલે જ હિંદુસ્તાનમાં આટલા લોકો હોવા છતાં આજે ગરીબી છે, નિર્ધનતા છે, પરેશાની છે અને દુષ્કાળનો સામનો નહી કરવાની નિર્બળતા છે. આપણને ખબર હોત કે આપણે શું કરવાનું છે તો ચાલીસ કરોડ માણસો આવી ખરાબ હાલતમાં ન હોત.

આજે વિચાર કરવાનો છે કે આપણે શું કરવાનું છે.

વિધેય માટે ત્રણ વાત છે. પહેલી વાત અપરિગ્રહ છે. જ્યાં સુધી પરિગ્રહ છે ત્યાં સુધી અહિંસા નથી આવતી. પરિગ્રહ અને અહિંસા સાથે અહિંસા નથી રહી શકતાં. પરિગ્રહ એટલે સંચય, પરિગ્રહ એટલે ભેગું કરવું, પરિગ્રહ એટલે બીજા જે વસ્તુ માટે ટળવળતા હોય તે પોતા પાસે હોવા છતાં એમાંથી આપવું નહિ અને સંગ્રહવૃત્તિ રાખવી. એ અહિંસક કેવી રીતે બની શકે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધનનો સંચય ક્યારે થાય? શોષણ વિના સંચય નહિ અને શોષણ ત્યાં અહિંસા નહિ.

**कर्मणा मनसा, वाचा,** કાં તો કર્મથી, કાં તો મનથી કે પછી વાચાથી હિંસા તો થાય જ. અહિંસક બનવું હોય તો અપરિગ્રહી બનવું પડશે. જેટલા અંશે અપરિગ્રહી બનશું એટલા અંશે આપણે સાચા અહિંસક બનીશું.

એટલે જ ભગવાને સાધુને કહ્યું ''હે સાધુ, જો તારે અહિંસક બનવું હોય તો પહેલાં અપરિગ્રહી બની જા'' અને જે વધારે પરિગ્રહી છે એ કદી પણ અહિંસક નથી બની શકતો અને જો અહિંસક બની શકતો હોય તો અમારે કહેવું પડશે કે અમૃત અને વિષ બન્ને એક સરખાં છે. પણ સૌ જાણે છે કે અમૃત અને વિષ સરખાં નથી. તેવી જ રીતે પરિગ્રહ અને અહિંસા જુદાં છે. તો અહિંસા લાવવા માટે આપણે અપરિગ્રહી બનવાનો વિચાર કરવો પડશે.

ભય અને હિંસા પરિગ્રહમાંથી જન્મ લે છે. આપણે જો અભય થવું હોય કે અહિંસક થવું હોય તો આપણે અપરિગ્રહી બનવા માટે પહેલો પ્રયત્ન કરવો પડશે.

હું જ્યારે પંચમહાલ જિલ્લામાં વિહાર કરતો હતો ત્યારે માર્ગમાં મને એક બહારવટિયો મળ્યો, જે ઘણાનાં ખૂન કરી ચૂક્યો હતો, ઘણાંને મારી ચૂક્યો હતો. અમારે ત્યાંના એ પહાડોમાંથી થઈને નીકળવાનું થયું. ત્યાં એ બહારવટિયાની ઝુંપડી આગળ જ અમારે મુકામ કરવાનો વારો આવ્યો. સાંજે ફરતો ફરતો એ અમારી પાસે આવી ચઢ્યો. એ આવ્યો, થોડી ભાંગી તૂટી વાતો થઈ. વાતો કરતાં એની સાથે એક કૂતરો હતો તેને એ પ્રેમથી રમાડતો હતો, એને હાથ ફેરવતો હતો. તેમાં જીવનનું મને એક નવું દર્શન થયું : ક્રૂરમાં ક્રૂર આદમીમાં પણ પ્રેમ! માણસોને મારનાર, ગોળીઓ ચલાવનાર અને નિર્દય રીતે તલવાર વીંઝનારે વો આદમી પણ કૂતરા પ્રત્યે પ્રેમ બતાવી રહ્યો હતો. એટલે મને લાગ્યું કે માનવીના એક ખૂણામાં અંદર અંદર પણ ક્યાંક પ્રેમનું દર્દ છે, અને તેને લીધે એ માને છે કે કોઈક ઠેકાણે તો કરુણામય, પ્રેમમય બનવું જોઈએ. માણસ જ્યારે માણસ પ્રત્યે કરુણામય નથી બની શકતો તો એક કુતરા પ્રત્યે પણ એ કરુણાવાળો, પ્રેમવાળો બની જાય છે. અંદર એક જાતનું પ્રેમનું છૂપું અવ્યક્ત સંવેદન છે અને તેથી જ કુતરાને પંપાળતાં અંદરના એ તત્ત્વને સંતોષીને consolation (સમાધાન) મેળવે છે કે દુનિયામાં ભલે હું બધે ક્રૂર છું પણ આ કુતરાને માટે હું કરુણાવાળો છું, પ્રેમ કરી શકું છું.

આ વાતનું ઊંડાણથી ચિન્તન કરશો તો આપને પણ લાગશે કે દરેક માનવીના હૃદયના એક ખૂણામાં તો આ તત્ત્વ પડ્યું જ છે. જે તત્ત્વ હરહંમેશા કરુણાને પ્રેરે છે અને માનવતાને પૂજે છે. આ તત્ત્વ જેમ જેમ વિકસતું જાય તેમ તેમ માનવ પૂર્ણ બનતો જાય છે. જેમ જેમ આ તત્ત્વ ઢંકાતું જાય છે, તેમ તેમ માનવ પશુ બનતો જાય છે. આપણે આ પક્ષીઓને ઉડાડીએ એની પાછળ પણ આ જ તત્ત્વ છે કે આપણે પંખીને ઉડાડીએ એ સાથે આપણી માનવતા જે આજે બંધાયેલી છે. પૂરાયેલી છે, ઢંકાયેલી છે એ ખીલી ઊઠે ને આપણામાં રહેલુ દયાનું ઝરણું એકદમ વહી જાય.

પંખી ઉડાડનારને સહજ રીતે એક પ્રશ્ન તો આવી જવાનો કે આ કબૂતરને મુક્તિ આપનાર હું પ્રાણી સૃષ્ટિ પ્રત્યે કરુણાળુ છું ખરો? આ વિચાર પુનઃ પુનઃ આવે તો માનવામાં રહેલી દિવ્ય શક્તિ પ્રગટ થાય, પ્રજ્વલિત થાય અને પ્રબુદ્ધ થાય.

''પ્રાણી મૈત્રી'' એટલે પ્રાણીમાત્રને તમે મિત્ર કલ્પો અને પ્રાણી સૃષ્ટિને મિત્રની દૃષ્ટિથી જુઓ. 'मित्रस्य चक्षुपा पश्य' સૃષ્ટિને મિત્રની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આંખથી જુઓ. બસ તમારી નજર બદલાઈ જાય તો દુનિયાને માટે તમારે શું કરવું એ તમને ઉપદેશ દેવા અને કહેવા નહિ આવવું પડે. આજ સુધી તમે સહુને પરાયા ગણો છો અને દેશ દેશ વચ્ચે, જાતિ જાતિ વચ્ચે ભેદ માનો છો. હવે તમે એક જ કહો કે वसुधैव कुटुम्बकम् આખી પૃથ્વી આપણું કુટુંબ છે.

ઘણાં વર્ષો પહેલાની વાત છે. વિહાર કરતા એક ગામડામાં ગયા. ત્યાં ભિક્ષા (ગૌચરી) માટે હું એક ઘરમાં ગયો તો ઘરમાં બે બાળક અને એમની મા હતી. એણે મોટો રોટલો બનાવ્યો હતો. એક જ રોટલો હતો. એણે વિનંતિપૂર્વક કહ્યું કે મહારાજ તમે લઈ જાઓ. મને થયું કે એક રોટલામાંથી હું શું લઉં? એટલે મેં કહ્યું કે બાઈ, મારે તો ઘણાં ઘર છે, હું તારું નહિ લઉં, કારણ કે તારે બે બાળકોને જમાડવાના છે. ત્યાં તો એ બાઈની આંખમાં આંસુ ધસી આવ્યાં અને કહેવા લાગી ''આ એક મોટો રોટલો છે, એનો હું અડધો કરું છું અને મારા બે બાળકો પા પા રોટલામાં પેટ ભરીને જમી લેશે પણ મારા ભાગનો અર્ધો રોટલો તમે લઈ જ જાઓ.'' એની ભાવના અને પ્રેમ જોઈ હું દ્રવી ગયો. મને થયું કે.આ બહેનની ભાવનાને નહિ સત્કારું તો એ ભૂકકો થઈ જશે. એટલે મેં કહ્યું ''તારો જે અડધો રોટલો છે એમાંથી પા મને આપ ને પા તું તારે માટે રાખ.'' મિત્રની આંખથી જોતાં દુનિયા કોઈ જુદી જ લાગે.

મિત્રની આંખથી જુઓ તો તમારી દુનિયા, દિલ અને દાન ત્રણે બદલાઈ જાય!

કરુણાની આ ભાવનાના સ્પર્શે આપણી દિવ્યતા પ્રગટો એવી શુભેચ્છા સાથે આપણે વિદાય લઈએ.

*[સભાના મુખપત્ર શ્રી આત્માનંદ પ્રકાશ માસીક પુસ્તક નં. ૬૫માંથી સાભાર]*


## આપને ભક્તિનો લાભ લેવો છે ?

પૂ. સાધુ-સાધ્વી—ભગવંતોને ચાતુર્માસમાં અથવા શેષકાળ અને વિહારમાં ઉપયોગી થઈ શકે તેવી ખાસ બનાવેલી અને તુરત ટિંગાડી શકાય તેવી સાવ પાતળી અને વજનમાં હલકી, વજન ૨૫-૩૦ ગ્રામ, સંકેલીને ઘડી થઈ શકે તેવી મચ્છરદાનીની ઉંચાઈ ૧૩૦ ઇંચ, ઘેરો ૨૯૪ ઇંચ, કિંમત નંગ - ૧ના રૂપિયા ૨૦૦ પોસ્ટ પાર્સલનો ખર્ચ અમારા તરફથી. **નોટ : ખાસ ઉપધાન તપમાં ઉપયોગી એવી મચ્છરદાની મળશે.**

## શાહ મચ્છરદાની

સ્પેશ્યલ : **શાહ મચ્છરદાની**
અમો બનાવીએ છીએ.
**શ્રાવકને પૌષધમાં પણ ઉપયોગી થઈ શકે**
ખાસ નોંધ : ટપાલ લખતી વેળા પુરું સરનામું. પીનકોડ નં. ટેલીફોન નંબર લખવા જરૂરી છે.

પ્રાપ્તિ સ્થાન : **જયંતીભાઈ શાહ**
**શાહ મચ્છરદાની વાલા**
તિલક રોડ, જૈન દેરાસર સામે,
માલેગામ ૪૨૩૨૦૩ (જિ. નાશિક)
ફોન : (૦૨૫૫૪) દુ : ૨૩૭૩૬૩,
ઘર : ૨૩૧૯૬૫
મોબાઈલ : ૯૮૯૦૪૩૪૨૬૪


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી અમૃતલાલ પરસોતમ જૈન ધર્મશાળા ટ્રસ્ટ ''યાત્રીકભવન'' ના જિર્ણોદ્ધારમાં સહભાગી થવાનો અમુલ્ય અવસર

સ્વ. શેઠશ્રી અમૃતલાલ પરષોત્તમનાં સ્મરણાર્થે તેમનાં પુત્ર શ્રી હીરાલાલ અમૃતલાલે ભાવનગર રેલ્વે સ્ટેશન નજીકમાં વિશાળ જગ્યા પસંદ કરી, તે પર પથ્થરનાં થાંભલા, કમાનો તથા કલાત્મક કારિગરીપૂર્વક ધર્મશાળાનું ભવ્ય મકાન બંધાવી સંવત ૧૯૭૬ના અષાઢ શુદ બીજના દિવસે ધર્મનાં રિવાજ મુજબ જૈન યાત્રિકો માટે તથા અન્ય ધાર્મિક કાર્ય માટે ખૂલ્લું જાહેર કરેલ.

શ્રી હીરાલાલ અમૃતલાલના સ્વર્ગવાસ પછી તેમના વારસદારો ટ્રસ્ટીઓ તરીકે વહીવટ ચલાવતા હતા. તેમના કુટુંબના છ સભ્યો અને ટ્રસ્ટીઓએ ધર્મશાળાના મુળ ઉદ્દેશ મુજબ ધર્મશાળાની સ્થાવર જંગમ મીલકત ''અમૃતલાલ પરશોતમ જૈન ધર્મશાળા ટ્રસ્ટ'' નામે મુંબઈ ખાતે પબ્લીક રજીસ્ટ્રેશન કાયદા મુજબ તા. ૧૪-૧૨-૧૯૬૧ના દિવસે ટ્રસ્ટ રજીસ્ટર કરાવ્યું. ભાવનગરમાં ટ્રસ્ટની મીલકતનો વહીવટ અંગત દેખરેખ નીચે ચાલે તો વધારે સારું એમ સમજી કુટુંબના છ સભ્યોમાંથી ચારે છુટા થઈ ભાવનગરમાં જ વસતા પ્રતિષ્ઠીત નાગરીકોની પ્રથમ સંમતિ મેળવી તેમની ટ્રસ્ટી તરીકે નીમણુંક કરેલ. તે પછી સૌરાષ્ટ્રને મુંબઈના સાર્વજનિક ધર્માદા ટ્રસ્ટનો કાયદો લાગુ પડતા તા. ૧૮-૧-૧૯૬૨ના રોજ ધર્મશાળા ટ્રસ્ટને રજીસ્ટર કરાવવામાં આવેલ છે. જેનો ટ્રસ્ટ રજીસ્ટર નં. ઇ-૩ (ભાવનગર) છે. અને તેના હીસાબો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા ઓડીટ કરવામાં આવે છે. ધર્મશાળાનો વહીવટ પ્રથમથી જ સારી રીતે ચાલતો હોવા છતાં વિશેષ સગવડ માટે છેલ્લા થોડા વર્ષમાં ઘણા ફેરફારો થયા છે.

ભાવનગર નજીક સિદ્ધાચલ શેત્રુંજ્ય જેવા જૈનોના મહાન તીર્થની યાત્રાએ આવતા તથા તળાજા ઘોઘા જેવા અન્ય તીર્થની યાત્રાએ આવતા જૈન યાત્રાળુઓ આ ધર્મશાળાનો બહોળા પ્રમાણમાં લાભ લે છે, યાત્રાળુઓ ઉપરાંત વેપાર ધંધાર્થે બહારગામથી આવતાં જૈન ભાઈઓ દર વર્ષે આનો સારો લાભ લે છે. યાત્રાળુઓને સગવડ આપવા ટ્રસ્ટીઓ સતત જાગૃત રહે છે.

આટલી પ્રસ્તાવના પછી જણાવવાનું કે સંવત ૧૯૭૬માં સ્થાપાયેલ આ મકાનને ૮૦ વર્ષ ઉપરાંતનો સમય થયેલ છે પરંતુ જુની કોતરણીવાળી બાંધણી અને પથ્થરના બાંધકામને કારણે રોડ ઉપરનું કલાત્મક બાંધકામ હજુ ઘણી જ સારી સ્થિતીમાં છે. પરંતુ અંદરના ભાગે ત્રણ બાજુએ આવેલ ઈંટ ચુનાનું બાંધકામ ઘણું જ જીર્ણ થઈ ગયેલ છે અને અત્યારે કેટલીક જગ્યાએ તેને ટેકા આપી જાળવી રાખવામાં આવેલ છે. અને તેનો કેટલોક ભાગ યાત્રાળુઓને ઉતરવામાં અગવડતા પડે તે સ્થિતીમાં આવી ગયેલ છે. આ સંજોગોમાં ધર્મશાળાની ત્રણેય બાજુના બાંધકામને પાયામાંથી ઉભુ કરી અત્યારના સમય પ્રમાણે જરૂરી તેવી સગવડતાઓ જેવી કે એટેચ બાથ-સંડાસ સાથેની રૂમો બનાવવાનું વિચારેલ છે જેનો ખર્ચ રૂપિયા ૪૦ લાખ જેવો અંદાજવામાં,આવેલ છે.

હાલમાં ભાવનગર ખાતે બ્રોડગેજ રેલ્વે લાઈન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરૂ થઈ ગઈ છે અને તેનું રેલ્વે સ્ટેશન પણ હાલની જગ્યાએ રાખવામાં આવેલ છે. ત્યારે રેલ્વે સ્ટેશનની બાજુમાં જ આવેલ આ ધર્મશાળાનો ખુબજ વિશાળ ઉપભોગ થવાની શક્યતા રહેલ છે. વળી ભાવનગરમાં મેડીકલ કોલેજ, એન્જીનીયરીંગ કોલેજ અને અન્ય ફેકલ્ટીઓની કોલેજો ઉપરાંત ઘણી બધી વિશાળ હોસ્પીટલો, નર્સીંગ હોમો વિગેરે આવેલ છે ત્યારે જૈન ભાઈઓને ઉતરવા માટેની અન્ય કોઈ સવલતો ઉપલબ્ધ ન હોવાને કારણે અત્યારે ગેસ્ટ હાઉસ વિગેરેનો ઉપયોગ કરવો પડે છે. અને તેના કારણે આર્થીક બોજો પણ વધે છે, તે સંજોગોમાં આ કાર્ય પરિપૂર્ણ થાય તો ઓછા ખર્ચમાં એક સારી સગવડતાવાળી અને જૈન સિદ્ધાંતોને અનુરુપ ''યાત્રીક ભુવન'' ની સગવડતા પ્રાપ્ત થઈ શકે. આ ધર્મશાળાની સામેજ ગુલાબબાગ જૈન દેરાસર તેમજ નજીકમાં જ વારૈયા જૈન ભોજનશાળા આવેલ હોય રહેવા જમવા અને જિનપુજા જેવી ત્રિવિધ સગવડતા એકજ જગ્યાએ મળે તેવો ''ત્રિવેણી સંગમ'' બને છે ત્યારે દાતાઓની આર્થીક સહાય અને સહયોગથી ભાવનગરમાં એક સુંદર સગવડતા પ્રાપ્ત થઈ શકે તેમ હોય આ માટે ટ્રસ્ટી મંડળે નીચે જણાવ્યા મુજબની એક ''જિર્ણોદ્ધાર યોજના'' બનાવેલ છે. આપને પુણ્યોદયે પ્રાપ્ત થયેલ લક્ષ્મીનો સદ્ઉપયોગ કરવાનો આ અમુલ્ય અવસર આવ્યો છે ત્યારે તેનો લાભ લેવા અમારી આપને હાર્દિક વિનંતી છે.

## : યોજનની વિગત :

| | | |
|---|---|---|
| ૧. | ધર્મશાળાની ત્રણે બાજુની વિંગના મથાળે તખ્તી લગાડી તે વિંગનું નામ આપવાના દરેક એક વીંગના | રૂા. ૧૦, ૦૦, ૦૦૧ = ૦૦ દશ લાખને એક રૂપિયા |
| ૨. | ધર્મશાળાની દરેક રૂમની બહારના ભાગે તખ્તી લગાડી તેમાં દાતાનું નામ લખવાના દરેક એક રૂમના | રૂા. ૧, ૦૦, ૦૦૧ = ૦૦ એક લાખને એક રૂપિયા |

સહાયક દાતાઓ કે તેમના વડીલોની કાયમી સ્મૃતિ જળવાઈ રહે તે રીતે તેમના નામો ગ્રેનાઈટ પથ્થરની તકતીમાં કોતરાવી તે તકતીઓને દાર્શનીક જગ્યાએ લગાવવામાં આવશે. જીર્ણોદ્ધારના આ કાર્યમાં દેખરેખ તથા સલાહ સુચન માટે ભાવનગરના પ્રતિષ્ઠીત વ્યક્તિઓની એક બાંધકામ કમીટીની રચના કરવાનું પણ વિચારેલ છે. વધુ વિગત માટે નીચેના ફોન નંબર ઉપર ટ્રસ્ટીનો સંપર્ક કરવા વિનંતી છે. ફોન નં : O--2429145, 2516607 R--2510623

શુભેચ્છા સાથે....

**ધોળકીયા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ**

ધોળકીયા રણછોડદાસ ઝીણાભાઈ, પો. બો. નં ૭૧ શિહોર-૩૬૪૨૪૦
ફોન : ઓફિસ : ૨૨૨૦૩૭, ૨૨૨૩૩૮, ૨૨૨૨૪૪,
૨૨૨૦૧૨, ૨૨૨૨૪૨, ૨૨૨૬૭૭
ફેક્સ નં. : ૦૦૯૧-૨૮૪૬-૨૨૬૭૭
ટેલીગ્રામ-મહાસુગંધી, શિહોર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મ.સા.ના પ્રવચનો

## (સં. ૨૦૧૮ પોષ સુદ ૬ ગુરુવાર, સ્થળ : પોળની શેરી-પાટણ)

વ્યાખ્યાન : ૪

*मंगलं भगवान् वीरो, मंगलं गौतमप्रभु ।*
*मंगलं स्थूलिभद्राद्या, जैनधर्मोऽस्तु मंगलं ।।*

વિઘ્નો એ અંધકારના સ્થાને છે. અજ્ઞાન એ સાચો અંધકાર છે, એ અજ્ઞાન અંધકારને ઉલેચવાનો ઉપાય જ્ઞાનનો પ્રકાશ છે. તે વિના ક્રોડો ઉપાયોથી અજ્ઞાન અંધકાર ટળે નહિ. મોટમાં મોટું વિઘ્ન અશુભ કર્મો છે. શ્રી ઋષભદેવ, શ્રી વીરપ્રભુ વગેરે મોટા પુરુષોને પણ વિઘ્નો આવ્યા છે.

ઊંચે ચઢવામાં ઘણા વિઘ્નો નડે છે. સિદ્ધિ પ્રાપ્તિ માટે ઘણા વિઘ્નોમાંથી પસાર થવું પડે છે. જેણે નમસ્કારની કળા સંપાદન કરી હોય, તે જ વિઘ્નોના વાદળોને વિખેરી નાખવા સમર્થ બને છે. જેણે નમવાની કળા સંપાદન કરી નથી તેને ડગલે ને પગલે મુશ્કેલીઓ નડે છે. જિનેશ્વરોએ પણ નમસ્કાર ભાવની પ્રાપ્તિ માટે પૂર્વ ભવોમાં સતત પુરુષાર્થ કર્યો છે.

આવતી કાલે સૂર્ય ઉગવાનો છે એ વાત જેટલી નિશ્ચિત છે તેટલી જ વાત આ ભવ પછી બીજો ભવ છે એ પણ આપણા માટે નિશ્ચિત છે. તો એ આવતા ભવને સુધારવા માટેના પ્રયત્નો કેવા મજબૂત જોઈએ. એ વિચારવાળાને જે દિવસે શુભકરણી ન થાય તે દિવસ નિષ્ફળ ગયો લાગે.

આ ભવમાં ખોટ જાય તેની સૌને ચિંતા છે પણ આવતા ભવમાં ખોટ ન જાય તે માટે કાળજી કેટલી છે? તે આત્મસાક્ષીએ વિચારવું જોઈએ. ૧૦૮ નવકાર ગણ્યા વિનાનો દિવસ જાય તે નિષ્ફળ લાગવો જોઈએ. નવકારમાં ચિત્ત ન લાગે તેનું દુઃખ થવું જોઈએ. કદાચ નાણાની ગણત્રીમાં ભૂલ થાય તેમાં નુકશાન થાય તો તે પરિમિત છે. પણ નવકાર ગણવામાં ચિત્ત ન લાગ્યું તો નુકશાન અપરિમિત છે અને જો તેમાં ચિત્ત બરાબર લાગી જાય તો લાભ અપાર છે. તે લાભ કરનાર જેને નમસ્કાર કરીએ છીએ તે પંચપરમેષ્ઠિ છે, કારણ કે નિર્મળ અંતઃકરણવાળાનું નામ--શરીર વગેરે હિરા--માણેક--મોતી કરતા પણ વધુ કિંમતી છે.

તીર્થંકર ભગવાનને નમનાર ભવિષ્યમાં મહાન થવા માટે સર્જાય છે. અરિહંતને નમનારને ચારે નિકાયના દેવો પણ નમે છે.

આજે આપણને દશ પ્રાણ સ્વતંત્ર મળ્યા છે. તેનો ઉપયોગ જો પ્રભુને નમસ્કાર કરવામાં કરીએ તો તેમાંથી જે ફળ નીપજે છે તેનો હિસાબ કરવા માટે લૌકિક ગણિત કામ આવતું નથી. નાનું પડી જાય છે. નમસ્કારના એક અક્ષરના સ્મરણથી સાત સાગરોપમના પાપ ટળે અને ઉત્તમ પુન્યાનુબંધી પુણ્યનો બંધ થાય છે. કે જે પુણ્યાનુબંધી પુણ્ય મોક્ષમાર્ગમાં સહાયક બને છે.

નમસ્કાર એ સત્ય પ્રકાશ છે. અંધકાર નાશક છે. આજે આપણે પ્રકાશ માટે ઈલેક્ટ્રીકનો ઉપયોગ કરીએ છીએ. ખોટું અજવાળું અને મોટું અંધારૂં આપે એનું નામ ઈલેક્ટ્રીક. ઈલેક્ટ્રીકથી આંખોનું તેજ ઘટે છે માટે તે મોટું અંધારૂં છે. આવી વાતો સમ્યગ્દ્રષ્ટિને સરળતાથી સમજાય.

પ્રત્યેક ક્રિયાના મૂળમાં જો સમ્યગ્દર્શન હોય તો તે ક્રિયા અચિંત્ય ફળવાળી બને છે. એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણસની ધર્મકરણીથી અનેકોને લાભ થાય છે. એક સમ્યગ્દ્રષ્ટિના ધર્મથી અનેકોના વિઘ્નો ટળ્યાં છે.

ફુલ અને અત્તર કરતાં પણ નાક વિશેષ છે. સાકર કરતાં પણ જીભની અને દાંતની કિંમત વધારે છે. ચશ્મા કરતાં પણ આંખોની કિંમત અધિક છે. શરીર અને પ્રાણો મફત મળ્યા નથી પણ બહુ કિંમતથી મળેલ છે. એ સામગ્રી અપાવનાર પુણ્ય છે. એ પુણ્ય બંધાવનાર દેવ અને ગુરુતત્ત્વ છે, એ કદીપણ ન ભૂલવું પણ હંમેશા યાદ રાખવું. દશ પ્રાણની પાસે ત્રણભુવનનું ઐશ્વર્ય તુચ્છ છે. જો એ દશ પ્રાણો પરમાત્મામાં લાગી જાય તો મોક્ષ પણ હથેળીમાં છે.

અસંજ્ઞીમાંથી સંજ્ઞી બનવા માટે આપણે ઘણો કાળ પસાર કર્યો છે. ઘણો કાળ વીતી ગયા પછી આપણે મહામુશ્કેલીથી સંજ્ઞી બન્યા છીએ. આપણને એ સમજણ નથી.

પણ આપણે શાસ્ત્રોના કથનથી માનવું જોઈએ. જેમ સમજ્યા વિના પણ બાળક બાપાને બાપા કહે છે તે ભલે. આજે સમજ્યા વિના બોલે છે. આવતી કાલે તે સમજીને બોલશે. તેવી જ રીતે આજે આપણને ન સમજાય તો પણ દેવ-ગુરુની કૃપાથી હું સુખી છું એમ બોલતા શીખવાથી ભવિષ્યમાં દેવ-ગુરુનો ઉપકાર સમજાશે.

મનને જો બાંધવામાં આવે તો મહાન શક્તિયુક્ત બને છે. બંધાયેલા પાણીમાંથી જેમ વીજળી ઉત્પન્ન થાય છે, તેમ મનને વશ કરવામાં આવે-ઉત્તમ સ્થાને બાંધવામાં આવે તો ઉત્તમ શક્તિ, મહાન શક્તિ ઉત્પન્ન થાય છે. અન્યથા નાશ થાય છે. માટે મનને વીતરાગની સાથે બાંધવું, સરાગીની સાથે નહિ.

મનને બાધનાર મંત્ર છે. મંત્ર ક્યો પસંદ કરવો? જે અત્યંત પવિત્ર કરનાર હોય તે મંત્ર કરવો. તે મંત્ર નમસ્કાર મહામંત્ર છે.

અશુભ વિષયોમાં બંધાયેલું મન ભયંકર દુર્ગતિ સર્જે છે. તેથી પાંચ અપ્રશસ્ત વિષયોમાં મનને બાંધવું નહિ. પણ પાંચ પરમેષ્ઠિઓમાં બાંધવા પ્રયત્ન કરવો જરૂરી છે. મન સ્વાધીન છે. પંચ પરમેષ્ઠિઓનો આદર્શ વિદ્યમાન છે. તેમાં આપણું મન જોડવા માટે આપણે સ્વતંત્ર છીએ, તો શા માટે ઢીલ કરવી?

'નમો' પદમાં મનને જોડવાથી બધા અશુભ સંકલ્પો અટકી જાય છે. 'મન' ને જો 'નમો'માં ફેરવવામાં આવે તો તેનો ઉત્તમોત્તમ ઉપયોગ કર્યો કહેવાય. 'નમો' વડે મનનું રક્ષણ થાય છે. મનન કરવા વડે 'નમો' પદ આપણું રક્ષણ કરે છે. 'નમો' એ મનનો વ્યત્યય છે.

લાડી-વાડી ને ગાડીની લગની આ બધું મનના સંકલ્પોમાંથી ઉત્પન્ન થયું છે. હવે એ મનને જો પરમેષ્ઠિમાં જોડીએ તો મોક્ષ-મુક્તિ આવીને ઊભી રહે. માટે ઉપાધ્યાયજી ભગવંતે સ્તવનમાં ગાયું છે કે,

'શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય ધ્યાને, શિવ દીએ પ્રભુ સપરાણો રે...'

બીજાના દોષો નિશ્ચયથી ન જોતા. આપણને એ દોષો જોવાનો અધિકાર નથી. એને બદલે પોતાના દોષો નિશ્ચયથી જોવા અને બીજાના વ્યવહારથી જોવા જોઈએ. તોજ ઉભય નયની સગતિ થાય. થોડો પણ બીજાનો સદ્ગુણ મહાન માનવો. થોડો પણ પોતાનો દોષ મોટો માનવો.

શ્રાવક વ્યવહારથી પણ પ્રભુદર્શન કરે, પ્રતિક્રમણ કરે, તો તેને શ્રાવક માનવો જોઈએ. કુતુહલથી ભગવાનની આંગીના દર્શન કરવા જાય તો પણ અનન્ય લાભનું કારણ બની જાય છે. કારણ કે મનુષ્ય જાય છે તીર્થંકરની ઋદ્ધિ જોવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને જોવાઈ જાય છે પરમાત્મા...સામાન્ય માણસો એ રીતે જ ધર્મ પ્રત્યે ખેંચાય છે.

શ્રી પંચાસરા પાર્શ્વનાથનું રૂપ એવું છે કે તેવું રૂપ દુનિયામાં બીજે જોવા નહિ મળે. એ પ્રભુના દર્શનથી આજે પાટણની પ્રજાએ દરેક રીતે ચતુરાઈ મેળવી છે.

૪૨ પુણ્યની પ્રકૃતિ તીર્થંકરોને એક સાથે ઉદયમાં આવે છે. તેથી જ આપણને એમના પ્રત્યે આકર્ષણ થાય છે. પ્રભુની વાણી સાંભળતાં કોઈને થાક લાગતો નથી. પ્રભુનું રૂપ સૌને આકર્ષે છે.

પાંચ પ્રશસ્ત વિષયોમાં મનને જોડ્યા વિના અશુભ વિષયોની પક્કડમાંથી છૂટી શકાતું નથી. પ્રભુમાં મન જોડવા માટે તત્ત્વજ્ઞાન જોઈએ, તે તત્ત્વજ્ઞાન છે. 'સવિ જીવ કરૂં શાસનરસી'ની વિશાળ ભાવના... આ ભાવનાથી તીર્થંકર ભગવંતોએ પોતાના આત્માને ભાવિત કરેલ છે. તેથી તેમની બધી જ વસ્તુ બીજાને ધર્મ પમાડવામાં નિમિત્તભૂત બને છે.

વિચારમાં-ભાવનામાં કેટલું બળ છે? સૌના હિતનો વિચાર તીર્થંકરોના આત્મામાં ઉત્કૃષ્ટ આવે છે તેથી તેઓ ત્રિભુવન પૂજ્ય બને છે. સૌના હિતના વિચારથી આપણામાં એક જાતની પાત્રતા ઉત્પન્ન થાય છે. માટે આપણી સર્વ ધર્મકરણીની સાથે સૌના હિતની ભાવના ભેળવવી જોઈએ...

તીર્થંકરોમાં મનને ચોંટાડવાનો શ્રેષ્ઠ ઉપાય એ છે કે તીર્થંકરો જે ભાવનાથી મહાન બન્યા છે. તે ભાવનાને આપણે આત્મસાત કરવા પ્રયત્ન કરવો. તે ભાવના છે શિવમસ્તુ સર્વ જગતઃ.

❀ ❀ ❀

## : કેવું ઉમદા દિલ ! :

**પ્રભાવક પ્રવચનકાર પ. પૂ. આ. શ્રી રત્નસુંદરસૂરિજી મ.સા. એ સુરતમાં પ્રવચન દરમ્યાન "સાધર્મિક ભક્તિ"ના મૂંઠી ઉંચેરા મહત્વની હૃદયદ્રાવક વાણીમાં રજૂઆત કરી. એક શ્રાવિકા સોનાની ચાર બંગડી "સાધર્મિક ઉદ્ધાર"ના ફંડમાં આપી ગયા. ટ્રસ્ટીએ આ બેનની આર્થિક સ્થિતિની તપાસ કરી તો જાણવા મળ્યું કે "તેઓ સામાન્ય વિસ્તારમાં રહે છે. સૌથી પહેલી સાધર્મિક ભક્તિ એમની કરવી પડે, એવી એમની નબળી સ્થિતિ છે. કદાચ જીવનની સમસ્ત મુડી તે બેને ફંડમાં આપી દીધી લાગે છે." આટલું બોલતા ટ્રસ્ટી રડી પડ્યા અને પૂ. સૂરિજી મ.સા. પણ....**

*–દિવ્ય વાર્તા ખજાનો ભાગ-૬*


# મેસર્સ સુપર કાસ્ટ

૨૮૬, જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર

**Manutacturer's of C.I. Casting. ✆ : 2445428 – 2446598**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર આયોજત

# સંસ્કૃત પારિતોષિક તથા શિષ્યવૃત્તી એનાયત સમારંભ

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરના ઉપક્રમે ગત તા. ૨-૧૦-૦૪ને શનિવારના રોજ કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી ભાઈ-બહેનોને શિષ્યવૃત્તિ તથા ધો. ૧૦ અને ધો. ૧૨માં સંસ્કૃત વિષયમાં સારા માર્કસ સાથે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થી ભાઈ-બહેનોને સંસ્કૃત વિષયક પારિતોષિક એનાયત સમારંભ શાનદાર રીતે ઉજવવામાં આવેલ.

**શિષ્યવૃત્તિ :** ગાંધી મહેન્દ્ર ચત્રભુજ એજ્યુકેશન ટ્રસ્ટ-ઘાટકોપર-ઇસ્ટ મુંબઈના ટ્રસ્ટીવર્યશ્રી રજનીકાંતભાઈ એલ. ગાંધી તરફથી કોલેજમાં અભ્યાસ કરતાં ૩૧ વિદ્યાર્થી ભાઈ-બહેનોને શિક્ષણ સહાય એનાયત કરવામાં આવેલ. **સંસ્કૃત પારિતોષિક :** સુરત નિવાસી શેઠશ્રી ચંપકલાલ મગનલાલ વોરા તરફથી ધો. ૧૨ ના ૪ તથા ધો. ૧૦ ના ૪૦ મળી કુલ ૪૪ વિદ્યાર્થી ભાઈ-બહેનોને રોકડ રકમ, મોમેન્ટો, પૂજાબેગ તથા હિમાલયની પદયાત્રા બુક અર્પણ કરવામાં આવેલ.

સભાના પેટ્રન મેમ્બર શ્રી નિશીથભાઈ પી. મહેતા દ્વારા દરેક વિદ્યાર્થી ભાઈ-બહેનોને સ્વાસ્થ્ય સંબંધી જીવન ઉપયોગી ત્રણ બુકો તથા ભક્તિભાવ સભર કેસેટ આકર્ષક પેકીંગમાં શુભેચ્છા સહ અર્પણ કરવામાં આવેલ. તેમ જ ધો. ૧૦માં બોર્ડમાં તૃતીય અને ભાવનગર કેન્દ્રમાં પ્રથમ આવનાર વિદ્યાર્થી સંકેત મનીષભાઈ વકીલને બહુમાન પૂર્વક રૂા. ૫૦૦૦=૦૦ નિશિથભાઈ પી. મહેતા દ્વારા અર્પણ કરવામાં આવેલ. સભાના માનદ્ મંત્રીશ્રી મનહરભાઈ મહેતા તરફથી રૂા. ૨=૦૦નું સંઘ પૂજન કરવામાં આવેલ તેમજ દરેક વિદ્યાર્થી ભાઈ-બહેનોને આ સભાના કારોબારીના સભ્યશ્રી નિરંજનભાઈ સંઘવી (કમલ ઇન્ડસ્ટ્રીઝવાળા) તરફથી આકર્ષક બોલપેન શુભેચ્છા સહ અર્પણ કરવામાં આવેલ.

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સંસ્કૃત વિષયક આકર્ષક અભિનંદન પત્ર તથા ૨૪ તીર્થંકર ભગવાન તથા અનંતલબ્ધિ નિધાન ગુરુ ગૌતમસ્વામીના ફોટાઓનો એક એક સેટ દરેક વિદ્યાર્થી ભાઈ-બહેનોને શુભેચ્છા સહ અર્પણ કરવામાં આવેલ. આ શુભ અવસરે ખાસ પધારેલશ્રી નિશીથભાઈ મહેતાનું સંસ્થાના પ્રમુખશ્રી પ્રમોદભાઈ તથા કારોબારીના સભ્યશ્રીઓ દ્વારા સ્વાગત કરવામાં આવેલ.

સમારંભનો પ્રારંભ મનીષભાઈ મહેતાના પ્રાર્થના ગીતથી કરવામાં આવેલ. પ્રાસંગિક પ્રવચનમાં સભાના પ્રમુખ પ્રમોદકાંતભાઈ દ્વારા આ સભાની રૂપરેખા પર પ્રકાશ પાડવામાં આવેલ. પ્રસંગોચિત પ્રવચનો સભાના ઉપપ્રમુખશ્રી જસવંતરાય સી. ગાંધી, માનદ્ મંત્રીશ્રી મનહરભાઈ મહેતા તથા શ્રી ચંદુલાલ ડી. વોરા, નવીનભાઈ કામદાર તથા મનીષભાઈ મહેતા દ્વારા રજૂ કરવામાં આવેલ. આ સમારંભ પ્રસંગે સભાના પ્રમુખ શ્રી પ્રમોદકાંતભાઈ કે. શાહ, ઉપપ્રમુખશ્રી દિવ્યકાંતભાઈ સલોત તથા શ્રી જસવંતરાય ગાંધી, માનદ્ મંત્રીશ્રીઓ સર્વશ્રી મનહરભાઈ મહેતા, ચંદુભાઈ વોરા, ચીમનભાઈ શાહ, ખજાનચી શ્રી હસમુખલાલ હારીજવાળા તથા કારોબારીના સભ્ય સર્વશ્રી નવીનભાઈ કામદાર, મનીષભાઈ મહેતા, પ્રવિણભાઈ સંઘવી, નિરંજનભાઈ સંઘવી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઇનામી સમારંભમાં વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉપરાંત વાલીઓએ પણ સુઅવસરને અનુલક્ષી વિશાળ સંખ્યામાં હાજર રહી આ સમારંભને યાદગાર બનાવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



With Best Compliments from :

*Kinjal Electronics*

Chandni Chowk, Par Falia,
Opp. Children Park, Navsari-396445
Tele : (02637) 241 321 Fax : (02637) 252 931

**મેસર્સ ચીમનલાલ મુળચંદ શાહ**

**દરેક જાતના ઉચ્ચ ક્વોલીટીના અનાજ તથા કઠોળના વેપારી**

દાણાપીઠ, ભાવનગર.
ફોન : ૨૪૨૮૯૯૭-૨૫૧૭૮૫૪

રોહિતભાઈ ઘર : ૨૨૦૧૪૭૦
સુનીલભાઈ ઘર : ૨૨૦૦૪૨૬

પરેશભાઈ
ઘર : ૨૫૧૬૬૩૯

જે વૃદ્ધો યુવાનોની સુયોગ્ય વાતને સ્વીકારી લેતા હોય છે, એ ધન્યવાદને પાત્ર ગણાય, પરંતુ જે યુવાનો વૃદ્ધોની અનુભવવાણી શિરોધાર્ય કરવામાં નાનમ ન અનુભવે, એને તો ધન્યાતિધન્ય ગણવા જોઈએ.

**મહાગુજરાત સિલ્ક સિલેક્શન**

(પરંપરામાં ૪૭ વર્ષ)
નોબલ્સ, નેહરૂબ્રીજ સામે, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોન : ૬૫૮૯૬૧૦, ૬૫૮૫૧૪૬

**એમ. જી. સિલ્વર જ્વેલર્સ**

**(કલાત્મક સિલ્વર જ્વેલર્સ માટે)**
બી-૮, નેહરૂબ્રીજ સામે, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.

**શાહ મનસુખલાલ કુંવરજી**

(ટાણાવાળા પરિવાર) ફોન : ૬૫૮૯૪૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમાચાર સૌરભ

**પાંજરાપોળ નિર્માણ કરવા ઇચ્છતાં જૈન સંઘો માટે** :--શ્રી માટુંગા જૈન શ્વે. મૂ. પૂ. તપગચ્છ સંઘના શ્રી વાસુપૂજ્ય જિનાલયના સુવર્ણજયંતિ મહોત્સવના સુઅવસરે અમો જે જૈન સંઘ પોતાના સંઘમાં પોતાની પાંજરાપોળ ન હોય અને નિર્માણ કરવા માગતા હોય તેઓને નિર્માણ કરવામાં પ્રાથમિક રકમ રૂા. પાંચ લાખ સુધીનો સહકાર આપવા વિચારીશું. જેઓએ પાંજરાપોળ કરવાની તૈયારી હોય તેઓએ નીચેના નામ સરનામે વિગતવાર અરજી કરવી. સરનામું : શ્રી માટુંગા જૈન શ્વે. મૂ. પૂ. તપા. સંઘ, શ્રી વાસુપૂજ્ય સ્વામી ચોક, બ્રાહ્મણવાડા રોડ કોર્નર, ડૉ. આંબેડકર રોડ, માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯

**જયભિખ્ખુ સ્મૃતિ વ્યાખ્યાન અને ગ્રંથ વિમોચન સમારોહ** :--ગુજરાતી સાહિત્યમાં ૩૦૦ જેટલા પુસ્તકોના સર્જક સાક્ષર શ્રી જયભિખ્ખુની સ્મૃતિમાં છેલ્લા ૩૫ વર્ષથી અમદાવાદમાં યોજાતા શ્રી જયભિખ્ખુ સ્મૃતિ વ્યાખ્યાનમાં સાહિત્ય સર્જકો અને સાહિત્યરસિકોની ઉપસ્થિતિમાં હાસ્યલેખક અને કલાકાર શ્રી શાહબુદ્દીન રા.... 'સાહિત્ય અને હાસ્ય' પર દૃષ્ટાંત સભર રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. ઉપરાંત ડૉ. શ્રી ધીરૂભાઈ ઠાકર, વિખ્યાત જાદુગર કે. લાલે મનનીય પ્રવચનો આપેલ. અમદાવાદની પ્રસિદ્ધ મુદ્રણ સંસ્થા હાઈસ્કેને પ્રગટ કરેલુ અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવનારા 'તીર્થંકર મહાવીર' પુસ્તકની દ્વિતીય આવૃત્તિનું વિમોચન શ્રી દિનેશભાઈ મોદીએ કર્યું હતું. આ પ્રસંગે ડૉ. કુમારપાળ દેસાઈ તથા ડૉ. મીનાક્ષીબેન ઠાકરે પ્રસંગોચિત વક્તવ્ય કર્યુ હતું.

**કોટ જૈન સંઘ-મુંબઈ** :--પૂ. પંન્યાસશ્રી પૂર્ણચંદ્રવિજયજી મ.સા.ની શુભ નિશ્રામાં શાશ્વતી ઓળીની ભવ્ય આરાધના સંપન્ન થઈ હતી. પૂ. મુનિશ્રી કલ્પરત્નવિજયજી મ.સા. સંપાદિત 'પ્રભુનો પ્રસાદ સુખનો આસ્વાદ'નું વિમોચન થયું હતું. ફોર્ટ જૈન સંઘ તથા વાગડ સમાજના ભાઈઓ-બહેનોએ ઉત્સાહપૂર્વક લાભ લીધેલ. પૂ. શ્રી પૂર્ણચંદ્રવિજયજી મ.સા.નું ચાલુ સાલ ચાતુર્માસ ઘાટકોપર-વેસ્ટમાં છે.

**શ્રી નવકાર સારવાર કેન્દ્ર--અમદાવાદ** :--કેન્દ્ર દ્વારા અમદાવાદ સહિત ૮૫ ગામોના ઉપાશ્રયમાં રૂબરૂ જઈ તથા શિબિર દ્વારા પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને શારિરીક નિદાન કરી આયુર્વેદિક ઔષધો વહોરાવવાનો અનન્ય લાભ લીધેલ.

**શ્રી જીરાવલા પાર્શ્વનાથ તીર્થ** :--પૂ. આ. શ્રી વિજયગુણયશસૂરિજી મ.સા.ની સાનિધ્યમાં પ્રવચન પ્રભાવક પૂ. આ. શ્રી વિજયકીર્તિયશસૂરિજી મ.સા.ની નિશ્રામાં ઐતિહાસિક વિક્રમ સ્થાપન કરતા અઢાર અભિષેક અને પ્રભુ પૂજા ઉછામણી, પ્રભુના લેપ બાદ ફરી પૂજાનો પ્રારંભ, ભક્તોએ વરસી વરસીને ચડાવા લીધા, ત્રણ આચાર્ય ભગવંતોની નિશ્રા મળી, પ્રવચનપ્રભાવકશ્રીજી ઉગ્ર વિહાર કરી પધાર્યા. તીર્થોદ્ધારના કાર્યમાં નવો વેગ મળ્યો, યાદગાર ઉજવણી થવા પામી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વર્ધમાન જૈન સંઘ-પરેલ-મુંબઈ** :--અત્રેના વર્ધમાન સ્વામીના ભવ્ય જિનાલયની શીતળ છાયામાં પૂ. આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પં. શ્રી હંસવિજયજી ગણિવર્ય મ.સા.ની ગચ્છાધિપતી પૂ. આ. શ્રી વિજયજયઘોષસૂરીશ્વરજી મ.સા.ની શુભ આશિષથી માસક્ષમણના ઉપવાસની ખૂબ સુંદર આરાધના થવા પામી. માસક્ષમણના પારણાનો પ્રસંગ પૂ. .આ શ્રી વિજયજગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા બાવનની શુભ નિશ્રામાં ભવ્ય રીતે ઉજવાયો. ચૈત્ય પરિપાટી, સાધર્મિકભક્તિ વગેરે કાર્યો અનુમોદનીય થયા. બાર માસી વર્ધમાન આયંબિલ ખાતું શરૂ કરવાનું નક્કી થતાં ખર્ચની રકમના નામો તુર્ત જ નોંધાઈ ગયા.

**ડૉ. કુમારપાળ દેસાઈને 'પદ્મશ્રી' એવોર્ડ** :--રાષ્ટ્રપતિ ભવનના દરબાર હોલમાં રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામે સાહિત્ય, શિક્ષણ અને સંસ્કૃતિ સંસ્કારના કાર્ય માટે જાણીતા સાહિત્યકાર અને ગુજરાત યુનિવર્સિટીના આર્ટ્સ ફેકલ્ટીના ડીન ડૉ. કુમારપાળ દેસાઈને 'પદ્મશ્રી' એનાયત કર્યો હતો. આ પ્રસંગે ડૉ. અબ્દુલ કલામ સાથે ડૉ. કુમારપાળ દેસાઈ વૈશ્વિક સંદર્ભમાં ચાલતા અહિંસા વિશેના કાર્યની વાતચીત કરી હતી તેમ જ સંમારંભ બાદ યોજાયેલ સ્નેહમિલનમાં ભારતના વડાપ્રધાન ડૉ. મનમોહન સિંઘને ઇન્સ્ટિટ્યુટ ઑફ જૈનોલોજી દ્વારા વિદેશમાં રહેલી હસ્તપ્રતોના કેટલોગ અંગે થઈ રહેલા કાર્યોની વિગતો આપી હતી. અત્રે એ નોંધવું જોઈએ કે ગુજરાતમાં ઘણા સમય બાદ સાહિત્ય, ,પત્રકારત્વ અને દાર્શનિક ક્ષેત્રે કાર્ય કરનારી વ્યક્તિને 'પદ્મશ્રી'નું સન્માન પ્રાપ્ત થયું છે.

❀ ❀ ❀

## મનુભાઈ શેઠની જે. એસ. જી. ઈ. એફ. માં ચેરમેનપદે વરણી

બંધુત્વથી પ્રેમ, જૈન સોશ્યલ ગ્રુપ ઇન્ટરનેશનલ ફેડરેશનમાં ફંડ રેઈજીંગ કમીટીના ચેરમેન પદે ભાવનગરના શ્રી મનુભાઈ શેઠની વરણી કરવામાં આવેલ છે.

શ્રી મનુભાઈ શેઠ જૈન સોશ્યલ ગ્રુપ ભાવનગરના ફાઉન્ડર સેક્રેટરી તરીકે ૨૪ વર્ષ પહેલા ચુંટાયા હતા ત્યારથી આજ સુધીમાં પ્રમુખ પદથી લઈ JSG માં ઇન્ટરનેશનલ કમીટીઓમાં પણ નીમણુક થયેલ છે. JSG ના લેસ્ટર-લંડન-શીકાગો-નાઈરોબી વિગેરે ગ્રુપોની મુલાકાતે જઈ આવેલ સીનીયર સદસ્ય છે.

૧૯૮૮માં JSG વર્લ્ડ જૈન કોન્ફરન્સમાં અગાઉથી પહોંચી કાર્યક્રમને સુંદર ઓપ આપેલ અને ઘણી ચાહના પ્રાપ્ત કરી હતી, લંડનમાં નવ સંસ્થાઓએ તેમનું સ્વાગત કરેલ હતું.

તેમજ જૈન દહેરાસરોની પ્રતિષ્ઠાના કાર્યક્રમમાં તેમને વખતો વખત આમંત્રણ મળેલા.

ભાવનગર જૈન સમાજ શ્રી મનુભાઈ શેઠના કાર્યની અનુમોદના કરતુ જ હોય, ત્યારે શ્રી જૈન આત્માનંદ સભા પણ શ્રી મનુભાઈ શેઠને અભિનંદન પાઠવે છે. ઉત્તરોત્તર પ્રગતીના પંથે આગળ વધતા રહે તેવી શુભેચ્છા પાઠવે છે.

*--મનહરભાઈ મહેતા*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## "આત્માનંદ પ્રકાશ" માસીક અંગે

માનનીય પેટ્રન તથા આજીવન સભ્યશ્રીઓ,

આપણું માસીક "શ્રી આત્માનંદ પ્રકાશ" છેલ્લા ૧૦૨ વર્ષથી નિયમીત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. અને પેટ્રન તથા લાઈફ મેમ્બરોને, પ.પૂ. મહારાજ સાહેબોને ફ્રી મોકલવામાં આવે છે. અને તે પોસ્ટમાં મોકલવા માટે કન્સેશનલ દર ૦-૨૫ પૈસા હતો; પરંતુ હવે પોસ્ટ ખાતાએ ફ્રી માસીક મોકલતાં હોય તેઓ માટે કન્સેશના રદ કરેલ છે. એટલે કે પોસ્ટેજ ચાર્જ ફૂલ ભરવો પડે; આથી સંસ્થાને આર્થીક રીતે તે પોસાય તેમ નથી.

આથી હવે સંસ્થાએ 'શ્રી આત્માનંદ પ્રકાશ' ત્રિમાસીક શરૂ કરેલ છે. અને તે દર નાણાકીય વર્ષમાં એપ્રીલ, જુલાઈ, ઓટકોબર તથા જાન્યુઆરીમાં પ્રકાશિત કરવામાં આવશે, જેની નોંધ લેશો.

*શ્રી જૈન આત્માનંદ સભા*

*વતી : પ્રમોદકાંત ખીમચંદ શાહ*

*મુદ્રક તથા પ્રકાશક*

**Mfrs. Of Audio Cassettes & Components And Compect Disc Jewel Boxes**

**JET ELECTRONICS**

Cassette House,
Plot No. 53/3b, Ringanwada,
Behind Fire force Station,
DAMAN (U.T.) - 396210

Tel : (0260) 22 42 809
(0260) 22 43 663
Fax : (0260) 22 42 803
E-mail : Jatinsha@giasbm01.vsnl.net.in

**JACOB ELECTRONICS PVT. LTD.**

48, Pravasi ind. Est.
Goregoan (E)
MUMBAI-400 069

Tel : (022) 28 75 47 46
Fax : (022) 28 74 90 32
E-mail : JetJacob@vsnl.com

**Remarks : Book Delivery at Daman Factory.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શોકાંજલિ

ભાવનગર નિવાસી (હાલ ઘાટકોપર) ભાસ્કરરાય વિ. શાહ (ઉ. વ. ૮૪) ગત તા. ૧૫-૪-૦૪ના રોજ મુંબઈ મુકામે નવકાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામેલ છે.

તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. સભા પ્રત્યે તેઓશ્રી અત્યંત લાગણી અને મમતા ધરાવતા હતા. તેમજ વિવિધ સામાજિક, શૈક્ષણિક તથા ધાર્મિક સંસ્થાઓ સાથે સક્રીય રીતે સંકળાયેલા હતા.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી તેમના કુટુંબ પર આવી પડેલ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સદ્‌ગતના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

*લિ. શ્રી જૈન આત્માનંદ સભા--ભાવનગર*

❀ ❀ ❀

## શોકાંજલિ

ભાવનગર નિવાસી ખાંતિલાલ મુળચંદ શાહ (ઉ. વ. ૮૦) નમિનાથ એન્ટરપ્રાઈઝવાળા ગતા તા. ૩-૫-૦૪ને શનિવારના રોજ ભાવનગર મુકામે નવકાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામેલ છે.

તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય અને કારોબારી કમિટીના માજી સભ્યશ્રી હતા. સભા પ્રત્યે તેઓશ્રી અત્યંત લાગણી અને મમતા ધરાવતા હતા. સભા ઉપરાંત ભાવનગરની અન્ય સંસ્થાઓમાં પણ તેઓશ્રી સક્રિય રીતે સંકળાયેલા હતા.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી તેમના કુટુંબ પર આવી પડેલ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્‌ગતશ્રીના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

*લિ. જૈન આત્માનંદ સભા--ભાવનગર*

❀ ❀ ❀

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બિન હરીફ

દયા એ સર્વ ધર્મનું મૂળ તત્ત્વ છે. જે ધર્મમાં દયા નથી તે ધર્મ ગણાતો નથી. દયારૂપ નદીમાં ધર્મરૂપ વનસ્પતી ઊગી શકે છે. ખરેખર વસ્તુતઃ વિચારીએ છીએ તો દયા વિના અનુભવ પ્રત્યક્ષ કોઈ ધર્મ જણાતો નથી.

જૈન દર્શનના સિદ્ધાંતો અને આચારોમાં જેવી દયાની વૃત્તિ દેખવામાં આવે છે તેવી દયાની વૃત્તિ બીજા દર્શનોમાં જોવામાં આવતી નથી. તેથી જૈનો દયાધર્મીઓના ઉપનામથી દુનિયામાં ઓળખાય છે. દયાના સિદ્ધાંતમાં જૈનો જેટલા કોઈ ઊંડાં ઉતર્યા નથી.

દયાનો સિદ્ધાંત સ્વાભાવિક સ્ફૂરણાથી સિદ્ધ થાય છે. મનુષ્યને અમુક રીતે તથા અમુક અંશે દયાની વૃત્તિ પ્રકટે છે અને તેનો અનુભવ સાકરના સ્વાદની જેમ બીજાની સાક્ષીની તેમાં જરૂર પડતી નથી.

નાના બાળકને પણ કોઈ ધર્મમાં દાખલ ન થયો હોય તત્પૂર્વે દયાની લાગણી પ્રગટે છે. આખી દુનિયાના જીવોને દયાની દૃષ્ટિથી દેખવામાં આવે છે. ત્યારે પ્રભુપદ પ્રાપ્ત કરવાને મનુષ્ય અધિકારી બને છે.

જેઓને દુનિયાના સર્વ જીવો પોતાનાં આત્મ સમાન ભાસે છે તેઓ કોઈ પણ જીવનો ઘાત કરવા ઈચ્છા અને પ્રવૃત્તિ કરે નહિ એમ બનવા યોગ્ય છે.

અનંત જીવો સર્વજ્ઞની આજ્ઞા મુજબ દયાને સેવી પરમાત્માઓ થયા, મહાવિદેહમાં થાય છે અને ભવિષ્યમાં થશે. દયા, અનુકંપા આદિ ભાવને પ્રગટાવવા માટે જીવન સ્વરૂપ જાણવું જોઈએ.

વીતરાગ-આગમોનો ફેલાવો કરીને દુનિયામાં સર્વત્ર દયાના વિચારો ફેલાવવા જોઈએ. જેઓ જીવદયાના પ્રતિપક્ષી બને છે અને જીવદયાનું ખંડન કરે છે તેઓ ધર્મના પ્રતિપક્ષી બને છે અને સંસારમાં અનેક પ્રકારના દુઃખો પામતા છતાં પરિભ્રમણ કરે છે.

જેઓ કોઈ પણ જીવની હિંસા કરતા નથી તેઓ મુક્ત થાય છે. કોઈપણ જીવને કોઈપણ રીતે પીડા આપવી નહિ એ જ ધર્મનું મૂળ રહસ્ય છે....

**જેઓને દુનિયાના સર્વ જીવો પોતાના આત્મ સમાન ભાસે છે તેઓ કોઈ પણ જીવનો ઘાત કરવા ઈચ્છા અને પ્રવૃત્તિ કરે નહિ એમ બનવા યોગ્ય છે.**

*--શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી.*

*[પાથેય પુસ્તકમાંથી સાભાર]*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓક્ટોબર-૨૦૦૪ ❑ RNI No. GUJGUJ/2000/4488 ❑ Regd. No. GBV 31

सर्वे सुखीबुभूषन्ति प्रयतन्ते च तत्कृते।
परन्तु दुःखिनः सन्ति सत्यमार्गविवर्जनात् ॥

卐

બધા સુખી થવા ઈચ્છે છે અને તે માટે પ્રયત્ન કરે છે, પણ એમ છતાં-દુઃખી છે, કેમકે સુખનો માર્ગ (ખરો માર્ગ) છોડીને અવળે રસ્તે ચાલે છે. ૧

卐

All wish and try to be happy, yet are unhappy, because they deviate from the right path leading to happiness. 1

*(કલ્યાણભારતી ચેપ્ટર-૭,*
*ગાથા-૧, પૃષ્ઠ-૧૫૮)*

卐

PRINTED MATTER. PRINTED BOOK ONLY.
POSTED UNDER CLOSE NO. 121 & 11 (7)
OF P. T. GUIDE

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'

For Private And Personal Use Only